

શ્રી
ચંડિપાઠ

શુદ્ધિપત્ર.

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૧	સપ્વસવિ	સપ્તર[illegible]વિ
૨	૧૪	છદે	[illegible]છંદે
૭	૧૦	કાહાડયા	કા[illegible]યા
૯	૧૩	ગયાં	ગ[illegible]યાં
૧૨	૨	વજ	[illegible]
૧૨	૮	સા	[illegible]સૌ
૧૫	૮	હરતા	[illegible]રતી
૨૭	૩	કંમર	[illegible]ગેર
૩૧	૧૨	સુભ	[illegible]ભ
૩૨	૮	૦હેલો	[illegible]હેલો
૩૫	૧૩	હથ	[illegible]ાથ
૩૮	૫	અસુરા	અ[illegible]સુરો
૪૦	૪	ચડીની	ચં[illegible]ીની
૪૧	૬	ચડીને	ચં[illegible]ડીને
૪૩	૭	નદીની	નં[illegible]દીની
૫૦	૧૦	સખ્ય	સ[illegible]
૫૦	૧૨	મગળ	મં[illegible]ગળ
૫૧	૫	સાથકે	[illegible]ાયકે
૫૩	૨	વિવણ	[illegible]વર્ણ
૫૭	૮	વિસ્વ.સ્વગી	વિસ્વે[illegible]વરી
૫૭	૧૨	સ્થિાત	સ્[illegible]થતી
૫૭	૧૪	વિયે	[illegible]
૫૮	૩	ચ.ઘ છે	અા[illegible]

श्री.

ચંડિપાઠ.

શ્રી સપ્તશતિ અથવા ચંડિપાઠનું ગુજરાતીમાં ભાષાન્તર.

ભાષાન્તર કર્તા.

ઉમેદરામ ભગવાનદાસ મહેતા,
ઠે. લીંમડી ફુઇ,—સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર—
મહારાજ ગણપતીશંકર વિજ્યાશંકર.
ઠે. અંબાજી મંદિર,—સુરત.

પ્રથમાવૃત્તિ

સંવત્ ૧૯૭૪ સને ૧૯૧૮.

કિંમત રૂ. ૧.

પ્રસિદ્ધ કર્તા.

મહારાજ ગણપતિશંકર વિજયાશંકર

અંબાજી રોડ,-સુરત.

સુરત ખપાટિયા ચકલા, વાસવાળાની પોળમાં આવેલા "
વિજય" પ્રીન્ટીંગ પ્રેસમાં મુળચંદ કસનદાસ
કાપડિયાએ છાપ્યું.

પ્રસ્તાવના.

ભાવિક ભક્ત જનો,

શ્રી આદ્યશક્તિ મહામાયા અંબિકાના સ્વરૂપનું વર્ણન કરવા, તેની અગમ્ય અને અગાધ માયાને જાણવા શિવ–સ-નકાદિક પણ સમર્થ નથી; એવી એ મહામાયાનું આખ્યાન જગત્‌ના કલ્યાણાર્થે દીર્ઘાયુષ્યમાન માર્કંડ ઋષિએ સંસ્કૃતમાં સપ્તશતિ નામે ગ્રંથ રચી કરેલું છે, જેને આપણે ચંડિ-પાઠ કહીએ છીએ.

આ ગ્રંથ તેજ ચંડિપાઠનું પદબંધ પ્રાકૃત છે. શ્રી સર્વેશ્વરી આ કળિકાળમાં ઈચ્છિત ફળોને આપી, અનેક બાધા ટાળી, સેવક જનને શરણે રાખી તેનો શ્રેય કરે છે. તેથી તે ઉપર લક્ષ રાખી સુરત નિવાસી વાલ્મિક કાય-સ્થ જ્ઞાતિના ગૃહસ્થ રાજેશ્રી ઉમેદરામ ભગવાનદાસ મહેતાએ આ ગ્રંથ રચ્યો છે.

રાજેશ્રી ઉમેદરામભાઇ નિરંતર શ્રી અંબાજિ માતામાં દર્શ-નાર્થે આવે છે, મેં માતાજીની કાંઇ યત્કિચીંત સેવા કરેલી છે, અને કરૂં છું, એમ તેમણે ધારીને પોતે જે અથાગ શ્રમ લઇ, ઘણીજ ઉત્તમ શૈલીથી, ચંડિપાઠની ભાષાંતર કરેલી પદબંધ પ્રાકૃત કૃતિ મને બતાવી; અને તે શ્રી જગદંબાની સેવામાં અર્પણ

કરી, છપાવી, તેની અનેક પ્રતો કઢાવી, સેવક જનોને લાભ આપવાની ઈચ્છા દર્શાવી; તે મેં ઘણાજ પ્રેમ પૂર્વક સ્વીકારી.

આવું ઉત્તમ પુસ્તક બહાર પડે, તેનું સદાકાળ સ્મરણ રહે, એવા હેતુથી કેટલાક ભક્તજનોની ઇચ્છા અનુસાર આ પુસ્તકની ઉપજેલી કીંમતમાંથી લગભગ અડધો અડધ રકમ ગ્રાહક થનાર ભકત મંડળમાં પ્રસાદ બુદ્ધિથી ઇનામ તરીકે વહેંચવાની, અને ગ્રંથ વિગેરેનો ખર્ચ બાદ જતાં જે રકમ રહે તે આ ગ્રંથની યાદગાર તરીકે ધર્મકાર્યમાં વાપરવાની યોજના રાખવામાં આવી છે.

મારા ધારવા પ્રમાણે આ પુસ્તક ગ્રહણ કરનારને એક તો ભગવતિનું ઉત્તમ પ્રકારનું વર્ણન કાવ્યમાં વાંચવાનું મળે છે. બીજું માતાજીની દિવ્ય છબી જે માત્ર દર્શનથી દુઃખ દૂર કરે તે પ્રાપ્ત થાય છે. ત્રીજું એક અમુક રકમનું ઇનામ પણ શ્રી ઈશ્વરીની કૃપા મુજબ મળે છે. ચોથું ધર્મકાર્યમાં જે રકમ ખરચાશે તે પુન્ય સંપત્તિ પણ મળે છે. એટલે ચારે પ્રકારથી આ પુસ્તક વધાવી લેવા યોગ્ય છે.

અંબા એ નામ દેનારને અંબા શું આપે છે, તે બ્રહ્મદેવ આદિ પણ જાણતા નથી, એમ મહા પુરુષનું વચન છે.

अपराध शतं कृत्वा जगदंबे तिचो चरेत् ॥
यांगतिं समवाप्नोतिनतां ब्रह्मादयःसुराः ॥

તો પુન્ય સાથે પ્રાપ્તિ થાય, શ્રી માતાજીનું ભજન થાય, વધારો પડતું દ્રવ્ય ધર્મકાર્યમાં વપરાય, એવી આ યોજનાને ભકત જનો વધાવી લેશે એવી આશા રાખું છું.

અંતિમ આ ગ્રંથ છપાવવાનો હેતુ પાર પાડવા શ્રી માતાજીના ચરણ કમળે વિનતિ કરી, પ્રસ્તાવના સમાપ્ત કરૂં છું.

લિ. મહારાજ
ગણપતિશંકર વિજયાશંકર
ના જે માતાજી.

મંગળવાર
તા. ૨-૪-૧૯૧૮
અંબાજિ મંદિર, સુરત

વિજ્ઞપ્તિ.

સંસ્કૃત ચંડિપાઠનું મેં યથામતિ પદબંધ પ્રાકૃત કીધેલું છે. કવિતાની રચનામાં હ્રસ્વ દીર્ઘનો નીયમ રહી શકતો નથી, માટે આધુનિક સુધરેલા સાક્ષરોએ હ્રસ્વ દીર્ઘ દર્શાવવા શબ્દપર તેવાં ચિન્હ કરવાની મન કલ્પિત નવી રીતી કાઢેલી છે, તેનો મેં સ્વીકાર કીધો નથી, પણ મહાન કવિ પ્રેમાનંદ, શામળભટ, દયારામ આદિકની શૈલીનું અનુકરણ કીધેલું છે. સ્વર્ગ નિવાસી કવિ નર્મદાશંકરે પણ પોતાની રચેલી કવિતાઓમાં શબ્દ પર કોઇ પ્રકારનાં ચિન્હ મૂકેલાં નથી, પણ પૂર્વ કવિઓની રીતી રાખેલી છે, તેથી અર્થ ગૌરવ ઘટતું નથી અથવા અર્થનો અનર્થ થતો નથી.

હું વિદ્વાન નથી, તેમ કવિ નથી. મેં માત્ર આદ્યશકિત અંબાની શુદ્ધાશુદ્ધ વાણીથી સ્તુતિ ગાઇને આ ગ્રંથ શ્રી અંબાના ચરણકમળમાં અર્પણ કીધેલો છે, માટે સાંપ્રત વિદ્વાનો દોષ દ્રષ્ટીથી અવલોકન કરશે નહિ એવી વિનતિ કરૂં છું

આપણા સૂર્યપુર (સુરત)માં પ્રત્યક્ષ પ્રભાવિનિ શ્રી અંબા માતાનું મંદિર છે. સેવક જનો શ્રદ્ધાથી દર્શન કરી શરણ માગે છે; અને મન કામના પૂર્ણ કરે છે. તેઓની શ્રદ્ધા વધારવા, શ્રેય સાધવા અને નિરંતર સ્તુતિ કરવા સરળ પડે માટે, માતાજીના મુખ્ય પુજારી રા. રા. ગણપતિશંકર વિજયાશંકરે આ મેં અર્પણ કરેલા પાઠને

પોતાના તન, મન, અને ધનનો વ્યય કરી છપાવી પ્રસિદ્ધ કીધો છે. પરમાર્થ કાર્ય કીધું છે, અને હું સેવકને ઉપકૃત કીધો છે. છતાં એ ગ્રંથ છપાવવામાં મેં શ્રમ લીધો નથી, યદ્કિંચિત્ દ્રવ્ય આપ્યું નથી, તેમ કોઈ પ્રકારની સત્તા અથવા સંબંધ રાખ્યો નથી, માટે સર્વેશ્વરીની સેવાથી વિમુખ થએલો હું ક્ષમા માગું છું.

સુરત
ગોપીપુરા–લીમડીકુઇ } લી૦ સેવક
ઉ. ભ. માહેતા.



ઉપોદ્દઘાત.

સનાતન ધર્મમાં આદ્ય શક્તિ અંબાનું આરાધન મુખ્ય છે. વૈદિક, તાંત્રિક, અને પૌરાણિક પદ્ધતિથી ત્રિગુણાત્મક પુજન, અરચન, હોમ, હવન આદિક થાયછે. તેમાં સાત્વિક નિષ્કામ ઉપાસન શ્રેષ્ઠ છે. અતિ પ્રાચીન ઋષિ મુનિઓએ મહાદેવિનું પુજન, અનુષ્ઠાન કરવા અનેક ગ્રંથો રચેલા છે, તેમાં સપ્તશતિ એટલે ચંડિપાઠ સરળ અને સર્વોપરિ છે. એમાં વૃત્તાંત એવું છે કે, પૂર્વકાળમાં એક સુરથ નામના રાજાને યુદ્ધમાં શત્રુઓએ હરાવી તેનું રાજ્ય હરણ કરી લીધું, તેથી તે સંતાપ પામેલો રાજા ગૃહસંસાર તજી દઈને વનમાં ચાલ્યો ગયો, એ વનમાં કોઈ સુમેધા નામના ઋષિનો આશ્રમ હતો, ત્યાં દૈવ યોગે આવી ઋષિને શરણ થયો. અને પોતાની વીપત્તી નિવેદન કરી ત્યાં રહ્યો. થોડા સમયમાં ગૃહસ્થાશ્રમના દુઃખથી ત્રાસ પામેલો સમાધિ નામનો વૈશ્ય પણ એ સુમેધા મુનીને શરણે આવ્યો, બન્ને જણા મુનીના શિષ્ય થયા. મુનીએ કૃપા કરી મહામાયાએ સમયે સમયે જુદાં સ્વરૂપ ધારણ કરી, અમરોના શત્રુ એવા અધર્મી અસુરોને મારી ધર્મીષ્ઠ દેવોનું દૈવત વધારી જગત્‌ની બાધા નિવારી સુરોની પ્રાર્થના સ્વીકારી આ વિશ્વના કલ્યાણાર્થે પ્રગટ થયાં ઇત્યાદિક ચરિત્ર કહી સંભળાવીને તેઓને સર્વેશ્વ-રીની સેવા કરવા આજ્ઞા કીધી, સુરથ રાજા અને સમા-ધિએ તે વનમાં ત્રણ વર્ષ વિધિથી તપ આચર્યું. મહાદેવિ

પ્રસન્ન થઈ પ્રત્યક્ષ દર્શણ આપી સુરથને બીજે જન્મે તું સાવર્ણી મનુ થશે એવું વરદાન આપ્યું, અને સમાધિએ સંસાર માયાથી છૂટવા મોક્ષ માગવાથી દેવિએ જ્ઞાન, ધ્યાનની દીક્ષા આપી તેને જન્મ મરણથી મુક્ત કીધો; એવો એ કથાનો સાર છે.

સુમેધા મુનીએ સુરથ રાજા અને સમાધિ વૈશ્યને કહેલું કલ્પ વ્યાખ્યાન દીર્ધાયુષ્યમાન માર્કંડ ઋષિએ જગત્‌ના કલ્યાણાર્થે સપ્તશતિના નામથી સંસ્કૃતમાં પદ-બંધ ગ્રંથ રચ્યો છે, જેને લોકો ચંડિપાઠ કહે છે. તેમાં દેવતાઓના શત્રુ દુષ્ટ બુદ્ધિના દૈત્યોને સમય પરત્વે અનુકુળ સ્વરૂપ ધારણ કરીને મહાદેવિએ સંહાર કીધેલો છે, દેવોનો અનુગ્રહ કીધેલો છે, તે કથા દેવોએ દેવિની કરેલી સ્તુતિ, અને સુરથ સમાધિને આપેલા વરદાનનું વર્ણન તેર અધ્યાયમાં કીધેલું છે. બીજા અધ્યાયોમાં મહામાયાની માંત્રિક અનુષ્ઠાન કરવાની વિધિ દર્શાવી છે. મેં માત્ર કથા રૂપે કહેલા તેર અધ્યાયનું પદબંધ પ્રાકૃત કીધેલું છે, કારણકે અધિકાર વિનાના જનને આમનાય પ્રમાણે અનુષ્ઠાન કરવાનો નિષેધ લખેલો છે.

પ્રથમ વનવર્ણન અને સુમેધા ઋષિના આશ્રમની ભૂમિકા દોહરામાં વર્ણવી છે. અને મંગલાચરણ લખી ગ્રંથનો પ્રારંભ કીધેલો છે.

સુરત.
ગોપીપુરા, લીમડી ફળી. } લી. સેવક
ઉ. બા. મહેતા

ભૂમિકા.

॥ દોહરા ॥

વન ઉપવન સોભે ઘણું, વસન્ત ઋતુ વર્તાય,
વૃક્ષ વેલની ડાળીઓ, નવપલ્લવ બહુ થાય. ॥૧॥
ચમરિ મંજીરી મોરને, કુંપળ કળી અંકૂર,
ફળ ફુલથી ફુલી રહ્યાં, દ્રૂમ થયાં ભરપૂર. ॥૨॥
મંગળ વાણી બોલતાં, પક્ષી સૂંદર જાત,
અંગ અનંગ ઉમંગથી, ઊડે અંગના સાથ. ॥૩॥
ભારદ્વાજ ખંજન અને, ચંડુલ ચાસ ચકોર,
મેના પોપટ મોરનો, ભેળો થાય છે સોર, ॥૪॥
હિમગિરી થકી આવતો, તરુવરને અથડાય.
સુગંધને વિસ્તારતો, સીતળ વાયૂ વાય. ॥૫॥
ભમરા ગુંજારવ કરે, કુસુમ કુંજ નીમાય,
મકરંદ પિતા પૂષ્પનું, મિથુન ઉન્માદિ થાય ॥૬॥
વાનરો કૂદતા ફરે, તરૂની ડાળે ડાળ
ફળ ફુલ ખાતા સાચવે, વસંત ઋતુનો કાળ ॥૭॥
સૂસ્વરથી ઉંચે સ્વરે, કોયલ બોલે સાર
ટઊકા શાંભળિ પંથિનૂં, ચીત્ત ચળે તે વાર ॥૮॥
વનરાજી લાંબી ઘણી, આડી અવળી વાટ
ચડવા ટીંબા ટેકરા, ઊતરવા નહી ઘાટ ॥૯॥

સેવન સીસમ ખેરડી, ઊંચા સાદડ સાગ
ઝાઝી વાસની જાળમાં, નહી જવાનો માગ ॥૧૦॥
ખાડી કોતરડાં ઘણાં, ઉપર ઝાડની છાંય
જળ લીલું લીલથી થયું, સવિતા નહિ દેખાય ॥૧૧॥
રાફડા મણીધર તણા, ઠામ ઠામ દેખાય
ઉતારવાને કાંચળી, ઝાડે આપ વિંટાય ॥૧૨॥
વાઘ વરૂને રીંછડાં, સુકર સીંહ વિકરાળ
શિયાળ સસલાં સાહુડી, શાબર અજગર વ્યાલ ॥૧૩॥
ઋષિઓના આશ્રમ ઘણા, એક એકથી દૂર
આવિ શકે ના તે સ્થળે, હીંસક પ્રાણી ક્રૂર ॥૧૪॥
આગળ પાછળ ઉટજની; ફુલ વાડી સોહાય
ઋષિ કન્યા રેડે ઘડે, પણી કયારા માંય ॥૧૫॥
મરૂડી આગળ બારણે, મૃગનાં બેઠાં બાળ
પયને સ્રવતી આવતી, મૃગલી મારિ ફાળ ॥૧૬॥
ઋષિ બાળા મૃગ બાળને, હેતથી લઇ ઉછંગ
હાથ ફેરવે અંગને, ફરતી લઇને શંગ ॥૧૭॥
ખડ ખવડાવે કૂમળું, પાણિ પાત્રમાં પાય
હરણીની પાસે જવા, બાળક દોડી જાય ॥૧૭॥
અગ્નિ હોત્રિઓ અગ્નિમાં, ઇષ્ટી કરતા નીત
સમીધ ઘૃતને હોમતા, મંત્ર ભણે પવિત્ર ॥૧૯॥

સુગંધ દ્રવ્યના હવ્યનો, જાય ધુમ્ર આકાશ
સુગંધ મય વનને કરે, ઋષિ તણા આવાસ ।૨૦॥
અપર રાત્રિએ ઉઠિને, કરે સિતળ જળ સ્નાન
વિદ્યાર્થી વેદો ભણે, શિખે સંહિતા જ્ઞાન ॥૨૧॥
મંત્રોની વિકૃતી કરે, ઘનપાઠી વિદ્વાન
સામવેદી દ્વીજ કરે, સામ વેદનું ગાન ।૨૨॥
પરા વાણી પ્રમાણિને, ઋષિવર મુનિવર ગાય
પુણ્ય ઘોષને શાંભળી, પાપ તાપ ટળિ જાય ॥૨૩॥
રૂપવન્તી ઋષિ પત્નિઓ, વલકલ ધારે વસ્ત્ર
સ્વામીની સેવા કરે, સાધવિ નાર સમસ્ત ॥૨૪॥
માનિની મુનીના સતી જાય સરોવર તીર
નાઈ ધોઇ સવારમાં. ભાર લાવે છે નીર ॥ ૨૫ ॥
પાળેલાં સુક સારિકા, બેઠાં પંજર માય
મનુષ્યની વાણી વદે, મન રંજન બહુ થાય ॥૨૬॥
આશ્રમની ગાયો ઘણી, દુજણી ચરવા જાય,
વાછરૂઓને દેખિને દુરથી આકળી થાય.॥૨૭॥
નિવાર કણ ખડ ધાનને, સમિધ પુષ્પને પત્ર,
વિણીને ખોળા ભરે, મુની કન્યા સમસ્ત.॥૨૮।
વાનપ્રસ્થના વાસ ત્યાં, કળત્ર કામથિ મુકત,
વિધિથી સેવન કરે, અગ્નિ દેવનૂં યુકત.॥૨૯॥

બ્રહ્મચારી સન્યાસિઓ, વ્રત ધારી એકાન્ત,
શંકરનૂં પૂજન કરે, કરે કથા વેદાન્ત.॥૩૦॥
મુનિ મંડળ કમંડળો, કરમા લઇને જાય,
સંધ્યા કરવાને તિરે, નદી નિરમાં ન્હાય.॥૩૧॥
તપસી બેઠા તપ કરે, તાપે અગ્ની પાંચ,
દેહ દમન ઝાઝું કરે, સહે હુતાસન આંચ॥૩૨॥
અવધુત બેઠા આસને, ઓઢી વાઘનું ચર્મ,
અઘોરિઓ આઘાવસે, સજીવન જાણે મર્મ.॥૩૩॥
વેરાગી ત્યાગી અને, સાધૂ સંત અનેક,
વન ફળનૂં ભક્ષણ કરે, ધારે ધર્મ વિવેક॥૩૪॥
યોગી સિદ્ધ ઉંચા વસે, ગિરિ ગહ્‌વરની માય
સમાધિમા બેઠા રહે, કોદિન દર્શણ થાય॥૩૫॥
ઉપવનમાં ઉંચે સ્થળે, ઝાડની ઝઝી ઝુંડ
સરોવરની સમીપમા, ઉના જળનો કુંડ॥૩૬॥
કમળ કૂસુમ ફૂલી રહ્યાં, ભ્રમર કરે ગુંજરાવ
વિસ્તારે કોયલ વળી, વસંત ઋતુનો ભાવ॥૩૭॥
વૃક્ષો નવ પલ્લવ ઘણા, ફુલથી વેલ પ્રફૂલ
મધુર રાવ કરતાં ઉડે, સુંદર ખગચર કૂળ॥૩૮॥
(ત્યાં) જળ કુંડની પાસે વસે, (મુનિ મેધા) પ્રસીદ્ધ
ઉપાસન અંબાનું કરે, સર્વેસ્વરિ સાનિધ્ય॥૩૯॥

એક સમયે આવિ ચડયો, સુરથ નામનો ભૂપ
મેધાને પ્રણિપત કરી, બેઠો નૃપ અનૂપ ॥૪૦॥
અકસ્માત ત્યાં આવિયો, સમાધી નામે વૈશ્ય
સુરથ સમાધી બે થયા, મુનિ મેધાના શિષ્ય ॥૪૧॥
દુઃખ ટળવા બે શિષ્યનૂં, મુનિ વધા તે વાર
સપ્તશતિની શાંભળો, કહું કથા વિસ્તાર ॥૪૨॥
મહા માયા સ્વરૂપની, નિરાકાર સાકાર
વિરાટમાં વ્યાપી રહી, કરતિ સર્વ વિસ્તાર ॥૪૩॥
દિર્ઘાયુષી ઋષી ઘણા, વાયુ ભક્ષ કરનાર
તેઓ પણ માયા તણો, પામ્યા નહી પ્રકાર ॥૪૪॥
મહેશ્વરી માતા તણો, મહિમા કહ્યો ન જાય
સર્વેશ્વરીનિ સેવના, કરે વૈશ્યને રાય ॥૪૫॥
મહિમા શાંભળી માતનો, ટળ્યું મોહ અજ્ઞાન
ત્રણ વરસ તે વન વિષે, તપનૂં કર્યું વિધાન ॥૪૬॥
સાવતા થકી સુરથ થયો, સાવર્ણી મનુ સાર
જ્ઞાન ધ્યાન દિક્ષા થકી, વૈશ્ય ગયો ભવ પાર ॥૪૭॥
ત્રિકાળ જ્ઞાનિ મહા મુની, અખંડ આયુષ માન
માર્કંડે ચંડિનું કર્યૂં, દિવ્ય ૬૯૫ વાખ્યાન ॥૪૮॥
સપ્તશતિને ચંડિનો, પાઠ વદે છે સર્વ
વિધિ સહીત વાંચે સદા, પંડીત પર્વે પર્વ ॥૪૯॥

આમનાયની રીતથી, પૂજન અર્ચન થાય,
હોમ હુવન વીધાન છે, દેવી તંત્ર નિમાય. ॥૫૦॥
સંસ્કૃત ચંડિ પાઠમા, સર્ગ માત્ર છે તેર
જેમા દૈત્ય સંહારના, મુનીએ વર્ણવી પેર ॥૫૧॥
મહાદેવી પ્રસાદથી, તેર પાઠનૂ તત્વ
પદ બંધ પ્રાકૃત કર્યું, સાર લખ્યો સમત્ત્ર. ॥૫૨॥
પ્રેરણા કરી ચંડિએ, હું પામરને આજ
સ્તુતી ગાઇને માતની, કૃતાર્થ કીધું કાજ ॥૫૩॥
શુદ્ધ મને શ્રદ્ધા થકી, જે જન ભણસે નીત
દુ:ખ ટળશે સુખ પામશે, અંતર થશે પવિત્ર ॥૫૪॥
મૂઢ મતી હું માતને, વંદૂ વારંવાર
સુબુદ્ધિ આપ તું અંબકે, દુર્બુદ્ધી નીવાર ॥૫૫॥
પરિચારક કરૂ પ્રાર્થના, મ.શું ૭રૈ હે માત
જગતે આવતિ ઇતીનો, કરજો અંબ વિઘાત ॥૫૬॥

अर्पण-पत्रिका.

॥ શાર્દુલવિક્રિડીત છંદ ॥

અંબાના અભિરામ નામ જપતાં,
સંપત્તિ પામે જનો;
ચંડીના ચરણારવીંદ પુજતાં,
પામે ભુતી નિર્ધનો;
શૂળા શ્રી ધરિ મંગળા મધુમતી,
અંબા ઉમા માતને;
વન્દી ને વરદા ભવાની ચરણે,
અર્પું લઘૂ ગ્રંથને ॥૧॥

॥ માંગલ્યમસ્તુ ॥



સુર્યપુર (સુરત) માં બિરાજેલાં શ્રી અંબાજિ માતા.

जैन विजय प्रि. प्रेस–सुरत. Photo by Champaneria, Surat.

॥ ॐ ॥

श्री गणेशांबिकाभ्यां नमः

श्री चंडिकायै नमः

અથ શ્રી સપ્તસાતિ અથવા

ચંડીપાઠનું ગુજરાતી ભાષાંતર.

પ્રારંભ.

ભુજંગ પ્રયાત.

નમૂ શારદાને નમૂ સિદ્ધિદાને
નમૂ ચંડિકા ને નમૂ અંબિકા ને
નમૂ શાંભવી ને નમૂ વૈષ્ણવી ને
નમૂ તુષ્ટદા ને નમૂ પુષ્ટિદા ને ॥ ૧ ॥

ગિરી નંદિની ને નમે દેવ સર્ગે
નમે વિશ્વ વિનોદિ ને વિશ્વ વર્ગ
અઇ અંબ હેરંબ માતા પ્રતાપી
નમૂ આદ્ય શકતી રહી વિશ્વ વ્યાપી. ॥ ૨ ॥

અઇ શૈલ બાળે સદા શૃષ્ટિ ધાત્રી.
ઉમા આદિ માયા અરીની નિહન્ત્રી

દિશો ત્રીપુટી તંત્રમાં ઓત પ્રોત.
નમૂ દેવિ વિશ્વંભરી દિવ્ય જોત. ॥ ૩ ॥

મહાકાળિકાની પુજા પાઠ યંત્રે.
સ્તુતી સ્તોત્ર છંદે વિધી બીજ મંત્રે.
ધરે ધ્યાન યોગી! કરે સિદ્ધ સિદ્ધી
તમે તુષ્ટિ પુષ્ટી પ્રદાતા સુબુદ્ધી. ॥ ૪ ॥

જગન્માત ને વર્ણવી સ્તોત્ર છંદે
સ્તુતી દિવ્ય કીધી મુની મારકંડે.
સ્તવે દેવી ને દેવતા શ્રેય ધારી,
કહે પાહી પાહી સદા સ્વસ્તિકારી. ॥ ૫

શ્રી ગણેશાય નમઃ ૐ નમશ્ચંડકાયે ચંડિકા દેવીને

નમસ્કાર છે. ॥



॥ અનુષ્ટુપ છંદ ॥

અનાદિ શકિતની વ્યકતી,
મંત્રોક્તિ યંત્ર તંત્રની,
પૂરાણે રચના કીધી,
માર્કંડે ચંડિ સ્તોત્રની. ॥ ૧ ॥

માર્કંડ ઋષિ કહે છે ॥ દોહરા ॥

સ્વારોચિષ મન્વંતરે, સુરથ થયો ભૂપાળ
પ્રજાને પ્રિતે પાળતાં, વ્યતિત થયો બહુ કાળ ॥ ૨ ॥
અન્ય નૃપોએ યુદ્ધ કરી, સુરથને જીત્યો તર્ત
નગર તજી નાસી ગયો; નરેશ થયો નિવર્ત ॥ ૩ ॥
મૃગયાને મીષે કરી, હય પર થઇ આરૂઢ
પ્રિત તજી પરિવારની, ગયો ગહન વન ગૃઢ ॥ ૪ ॥
મુનિ મેધાને આશ્રમે, આવ્યો ધરિ વૈરાગ
સ્વસ્થ થઇ સુખમાં રહ્યો, થયો ઋષિનો રાગ ॥ ૫ ॥
કો દિવસે દુખિઓ ઘણું, સમાધિ નામે વૈશ્ય
આવિ ચડયો તે આશ્રમે, થયો મુનિનો શિષ્ય ॥ ૬ ॥
વસ્યા તે વનની વિષે, સુરથ સાથે સંગ
મનસ્વિનિ મુનીએ કહ્યું, કહો કષ્ટ પ્રસંગ ॥ ૭ ॥
બદ્ધાંજળિથી બે જણે, વિદીત કર્યું વૃત્તાંત
સુમેધા છઇએ હમે, દુખિયા દુઃખાક્રાંત ॥ ૮ ॥

માયા ને મમતા થકી, દુઃખની વૃદ્ધિ થાય
કષ્ટ નષ્ટ કરવા તમે, કૃપા કરો ઋષિરાય. ॥ ૯ ॥
સુરથ સમાધીને કહ્યું, મેધાએ તે વાર
મ્હામાયા છે હરિતણી, અકળ શકતી અપાર ॥ ૧૦ ॥
સનાતની માયા થકી, વિરાટ આ વર્તાય
ઉત્પત્તી સ્થિતિ અને, લય માયામાં થાય. ॥ ૧૧ ॥

રાજા કહે છે. ॥ દોહરા. ॥

મેધાવી મેધા કહો, માયા તણુ ચરિત્ર
પાપ તાપ ને ટાળિ ને, પુનીત કરો પવિત્ર. ॥ ૧૨ ॥

ઋષિ કહે છે. ॥ દોહરા ॥

જળ મય કરિ આ જગત્ ને, વિષ્ણુ નિત્ય નીશંગ
પૂર્ણ યોગ નિદ્રા ધરી, સૂતા શેષ પર્યંક ॥ ૧૩ ॥
શયન શીળ ભગવાન એ, ગુણાતીત અદ્વૈત
કર્ણ મળ થકો તેહના, પ્રગટ થયા બે દૈત ॥ ૧૪ ॥
મધુ કૈટભના નામથી, પ્રસિદ્ધ થયા બે ભાઈ
પ્રજા પતીને મારવા, મૂરખ આવ્યા ધાઈ ॥ ૧૫ ॥
નયન વિષે વિષ્ણુ તણા, લહિ નિદ્રાનો વાસ
સ્તુતી કરી દેવી તણી, વિધિએ ટળવા ત્રાસ ॥ ૧૬ ॥

બ્રહ્માની સ્તુતિ ॥ શાર્દુલવિક્રિડીત છંદ ॥

બ્રહ્માણી વરદાયિની ભગવતી, છો યોગ નિદ્રા તમે
સૃષ્ટી રૂપ સનાતની તુંજનની, ત્રીસર્ગ નિત્યે નમે
સાવિત્રી પરિપાલિની જગતની, સ્વાહા સ્વધા અંબિકા
હે દેવી જનની પરા સ્થિતિ કરા, રક્ષા કરો ચંડિકા ॥ ૧૭ ॥

॥ ભુજંગી છંદ ॥

જગાડો પ્રભુને પુરો આસ મારી,
સદા શૃષ્ટિમા વ્યાપિ માયા તમારી;
તમે કાળિકા કાળ રાત્રી કરાળી,
સ્તવું સ્તુત્ય છો ભદ્રદા ભદ્રકાળી. ॥ ૧૮ ॥

॥ ઉપજાતી છંદ ॥

સ્તુતી વિધીએ, હરિ સુદ્ધ ભાવે
પ્રત્યક્ષ માયા, પ્રગટી પ્રભાવે
પ્રબોધ કીધા, જગના પતીને,
દીઠા પ્રભૂએ, મધુ કૈટભોને ॥ ॥ ૧૯ ॥

॥ દોહરો ॥

મધુ કૈટભને વિષ્ણુનૂ, વર્ત્યું યુદ્ધ અપાર
વત્સર પાંચ હજાર ત્યાં, વિત્યાં કરતાં પ્રહાર ॥ ૨૦ ॥

મહા માયાના મોહથી, અસુર વદ્યા તે વાર
વિષ્ણુ વર માગો તમે, હમે આપિએ સાર ॥ ૨૧ ॥

હાસ્ય કરિં હરીએ કહ્યું, અસુર સાંભળો વાત
વરદાન માગું એટલૂં, કરવાને તમ ઘાત ॥ ૨૨ ॥
અસુરો એ અસ્તૂ કહ્યું, મહામાયા પ્રતાપ
સંખ ચક્રધર વિષ્ણુએ, માર્યૂં ચક્ર અમાપ ॥ ૨૩ ॥
શીર કપાયાં શત્રુના, વિધિને વાધ્યો હર્ષ
અસૂર હણીને હરિતણો, તરત ટળ્યો અમર્ષ ॥ ૨૪ ॥
સનાતની સર્વેશ્વરી, પ્રગટ થયાં સંસાર
પદ્મયોનો પિતા મહે, સ્તવન કર્યૂં એ વાર ॥ ૨૫ ॥
સુરથ સમાધીને વદે, મેધા કરી વિચાર
ચરિત્ર અન્ય ચંડી તણું, શ્રવણ કરો દહુ સાર ॥ ૨૬ ॥
માર્કંડ પુરાણે સાવર્ણિક મનવન્તરે દેવિ માહત્મ્યે મધુ
કૈટભનો સાર પ્રથમ ॥ ૧ ॥

ઋષિ કહે છે. ॥ દોહરા ॥

અસુર એક ઉત્પન્ન થયો, દુર્મદ દુષ્ટ નિષ્ઠૂર
શત્રુ ઘણો તે સુરતણો, નામે મહિષાસૂર ॥ ૧ ॥
અસુર સૈન્ય સાથે લઈ, મહિષાસૂર વિકાળ
યુદ્ધ કરવાને પરવર્યો, ઇંદ્ર સંગ કે કાળ ॥ ૨ ॥
અસુર અને સુરો તણું, યુદ્ધ ચાલ્યૂં સો વર્ષ
દેવાદિક નાસી ગયા, અરિને ઉપન્યો હર્ષ ॥ ૩ ॥
સ્વર્ગ પુરીમાં શક્રનું, લીધું રાજ અનૂપ
વાસવના સિંહાસને, થઇને બેઠો ભૂપ ॥ ૪ ॥
સમસ્ત વસ્ત વિબૂધની, હસ્ત કરી એ વાર
બળિઆએ બહુ બળ કરી, મારી કાહાડયા બહાર ॥ ૫ ॥
દુર્બળ દેવ દિવિ થકી, ત્રાંસે નાઠા સવ
અમરાવતિ ઉજડ થઇ, થયો દૈત ને ગર્વ ॥ ૬ ॥
અમર સર્વ અવનિ વિષે, મૃત્યૂ લોક સમાન
દુર્બળ થઇને વિચરે, દૈત કરે અપમાન ॥ ૭ ॥
વિરંચી ઇંદ્ર વરૂણને, યમાદિ દેવ કુબેર
વિચરયા સઉ વિષ્ણુ કને, કહેવા અરિનો કહેર ॥ ૮ ॥

॥ ભુજંગી છંદ ॥

બધા લોક પાળો, ગયા વિષ્ણું પાસ,
કહ્યો ત્રાસ દુષ્ટો, તણો થૈ નિરાસ.

સુણી શીવને વિષ્ણુએ કોપ કીધો,
પુછી પેરથી દુ:ખનો સાર લીધો. ॥ ૯ ॥

દોહરા ॥

હરિ હર ને સુર સર્વના, તેજ અંશથી તર્ત
અદ્દભૂત શક્તિ ઉદ્દભવિ, ધરિને શસ્ત્ર સમસ્ત ॥ ૧૦ ॥
મહિષમર્દિની કાલિકા, ભૂજા ભવ્ય હજાર
મહિષાસુરને મારવા, કરવા સુર ઉદ્ધાર ॥ ૧૧ ॥
દિવ્યાભૂષણુ વસ્ત્રને, શસ્ત્ર અસ્ત્ર ને વર્મ
અર્પ્યાં દેવે દેવિને, દુષ્કર કરવા કર્મ ॥ ૧૨ ॥
આપ્યો એક હિમાલયે, કેશરી બહુ બળવાન
કનક પાત્ર કૂબેરનું લીધૂં કરવા પાન ॥ ૧૩ ॥

॥ ભુજંગી છંદ ॥

ધર્યૂં રૂપ અદ્દભૂત, વિશ્વેશ્વરીએ
લિધાં દિવ્ય આયુધ; જગ્દિશ્વરીએ
ગ્રહ્યો કાળિકાએ, કરે કાળ દંડ
થયો શબ્દનો ઘોષ, વિશ્વે પ્રચંડ ॥ ૧૪ ॥
કીધો ક્રોધથી નાદ ત્યાં ત્રિપૂરાએ
પ્રતી શબ્દનો શોર સર્વત્ર થાએ
ચળ્યા પૃથ્વિને પર્વતો તે ધ્વનીએ
અતી ક્ષોભ પામ્યાં સમુદ્રો ક્ષિતીએ. ॥ ૧૫ ॥

॥ માલિનિ છંદ ॥

જય જય કરે અંબા, દેવ હર્ષે કહે છે
પ્રસન્ન થઇ ઋષીઓ, સ્તુતિ સર્વે કરે છે
મુનિ ગણ ગિરિજાને, નમ્ર ભાવે નમે છે.
કર ધરિ સુર શસ્ત્રો, જિર શબ્દો વદે છે. ॥ ૧૬ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

ક્ષુબ્ધ ત્રૈલોકને દેખી, સુરારિ મહિષાસુરે
આશ્ચર્ય પામિને ક્રોધે, કિધો હોકાર આસુરે ॥ ૧૭ ॥
શબ્દ સંચાર વિચારે, સંચર્યો લઈ સૈન્ય ને
દુષ્ટ દુર્મદ તે દૈતે, દિઠી વિશ્વ વિનાદિને ॥ ૧૮ ॥
દતને દુષ્ટ સૈનીકો અમર્ષી સુર શત્રુઓ
સંગ્રામાર્થે ઉભા સર્વે, હાથમાં ધરિ આયુધો ॥ ૧૯ ॥

॥ દોહરા ॥

સિંહારૂઢ સુંદરી થઇ, કરતી અટ્ટા હાસ
શાંભવી સન મૂખ ધસી, કરવા અરિના નાશ ॥ ૨૦ ॥

॥ ભુજંગી છંદ. ॥

ગયા દેવિ યુદ્ધે ગયા દેવ સાથે
લહી રૂપ અંબા તણું હર્ષ વાધે
કરી ગર્જના ગાઢ સિંહે મૂખેથ
સુણી આસુરી સૈન્ય કંપ્યું ભયેથી ॥ ૨૧ ॥

ફિવા સંખનો નાદ સર્વેશ્વરીએ
પ્રતી નાદનો ઘોષ ઉઠયો ધ્વનીએ
બહુ દૂંદુભી દેવના ઉર્ધ્વ વાગે
રણાજીરમાં દૈતને ભીતિ લાગે ॥ ૨૨ ॥

॥ દોહરા ॥

મહિષા સુરના સૈનિકો, ચિક્ષુર ચામર દૈત
અસિલોમા બાષ્કળહનૂં, બિડાલ બળ અનવીત ॥ ૨૩ ॥
મહાન દૈત ઉદગ્રને, બીજા સુર સૈનીક
કોટિ રથ ગજ વાજીની, અસંખ્ય અસુર અનીક ॥ ૨૪ ॥
ઉન્મત્ત થઇને યુદ્ધ કરે, કરે અસિના પ્રહાર
દેવિને અસૂરો તણું; યુદ્ધ ચાલ્યું અનિવાર ॥ ૨૫ ॥
તોમર ભીંદિ પાળને, શક્તિ મુસળ સૂળ
સુરને મારે ફંદ કરી, કરે સંખ્ય સંકૂલ ॥ ૨૬ ॥
દેવીને દુરથી બહુ, મારે તિક્ષણુ બાણુ
દોમંબા પણુ અસ્ત્રે કરી, કરે દૈતનો ઘાણુ ॥ ૨૭ ॥

॥ ભુજંગી છંદ. ॥

કરે યુદ્ધ આયુદ્ધથી દેવ દૈત્યો
રણુ સ્થાનમાં દુષ્ટનો રોળ વર્ત્યો
હણે દેવિને ક્રોધથી, દૈત સેના
કરે દેવિ ખડગે શિરચ્છેદ તેના ॥ ૨૮ ॥

॥ ઇંદ્રવજા છંદ ॥

દેવી પ્રહારે, સુરશત્રુ દર્પે.
કોદ્ધાંધ યુદ્ધે, નિજ દેહ અર્પે
સૈનીક કોપે, સર પર્વ ધારે,
વિશ્વેશ્વરીને, બહુ માર મારે ॥ ૨૯
દેવારિ લક્ષે, ભુજ ભવ્ય ભેદે
દેવી તાણુ તે, વર વર્મ છેદે
દારૂણ યુદ્ધે, ઝટ કેસરીને
મારે ગદાથી, ઘણું છે તરીને ॥ ૩૦ ॥
કીધો અસૂરે, વિહુ ચક્ર ભારે
સાથે મળીને સઉ શસ્ત્ર મારે
ઘેરી લીધા ત્યાં, પરમેશ્વરીને
શસ્ત્રાસ્ત્ર મૂકે, ધનુષે સજીને ॥ ૩૧ ॥

॥ શિખિરિણી છંદ ॥

અસૂરોને મારે, જગજનનિ અસ્ત્રો બળ કરી
અસી ફર્સી એથી, અસુર કર કાપે હઠ કરી
શરીરોને વીંધે, અમર અરિઓના ત્રિશુળથી
મહાદેવી ભાંગે, અતિ કઠિણ અસ્થો મુશળથી ॥ ૩૨ ॥

॥ ભુજંગી છંદ ॥

ધ્વની શસ્ત્રને અસ્ત્રની થાય સર્ગે,
થયો કંપ મઘવાદિ વીબૂધ વર્ગે

ઉઠીને કબંધો લડે ખગ્ગ મારે,
કરે નાશ વિશ્વંભરી વજ્ર ધારે ॥ ૩૩ ॥

વહે વેગમાં રેલ રૂધીર કેરી,
તણાએ તદાકાર વીબૂધ વેરી
કરે દેવી હૂંકારથી નાદ ભેરી
મુકી ચક્રને સૈન્ય નાખે વિખેરી ॥ ૩૪ ॥
મુરારી અસૂરી રચી નીજ માયા,
કરી યુદ્ધ યુદ્ધા જિરે સૌ સમાયા
સુર દ્વેષિનૂ જેટલૂં સૈન્ય આવ્યૂં.
હણી ચંડિએ તેટલૂં ત્યાં સમાવ્યું ॥ ૩૫ ॥
કરે દ્વશ દ્વેષી તણો માત ચંડી
કિધા પ્રાણના ઘાણ મારી ભુષંડી
વિંધ્યા ત્રીશુળે દૈતના નેષ્ટ ગાત્ર
લિલા માત્રમા નષ્ટ કીધા સમસ્ત ॥ ૩૬ ॥

॥ દોહરા ॥

મહીષા સુરનૂ સૈન્ય જે, અસંખ્ય પાપ પ્રચંડ
માતાએ માર્યૂં બધું, દિધો દૈતને દંડ ॥ ૩૭ ॥
વારણ રથ વાજી અને અસુરના ધડ અપાર
પડવાથી પૃથ્વી થઈ, અગમ્ય અતિ તે વાર ॥ ૩૮ ॥
શ્રોણિતની સરિતા વહી, કરતી તર્ત તરંગ
રૂધિરે ઝરતાં દૈતના, ભિન્ન તણાયાં અંગ ॥ ૩૯ ॥

॥ ઉપજાતી છંદ ॥

કુસૂમ વૃષ્ટિ કરિ દેવતાએ,
વાજીત્ર નાદે, પ્રતિનાદ થાયે.
મહાત્મ્ય માતા તણું વર્ણવીને,
દેવો નમે છે, જગદીશ્વરીને. ॥ ૪૦ ॥

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી મહાત્મ્યે
મહિષાસુર સૈન્યના સારનો બીજો ૨.



ઋષિ કહે છે. ॥ દોહરા ॥

નિરખિ નાશ સઉ સૈન્યનો, સેનાની ચિક્ષુર
દેવીની સામો ગયો, કરિને કોપ અસૂર ॥ ૧ ॥
અંબા પરં સરની કરે, વૃષ્ટી મેઘ સમાન
જયમ મેરૂના શૃંગથી, વર્ષે વારિ વિધાન ॥ ૨ ॥
સર વર્ષણુ નિવારીને, કરિ અંબાએ હાસ્ય
કાપી કર સર શત્રુના, બળનો કીધો હ્રાસ. ॥ ૩ ॥
વિંધ્યા મર્મ અસૂરના, વિરથ કર્યો તે વાર
હય હસ્તી યંતારને, સત્વર માર્યા સાર ॥ ૪ ॥

॥ ભુજંગી છંદ ॥

લઇ ખંડુ ને ચર્મ ચિક્ષૂર ત્યારે
મહા દેવિના હાથમાં સદ્ય મારે
હણે સિંહના શીરને શસ્ત્ર ધારે
પ્રતી ઘાત ચંડીતણા તે નિવારે ॥ ૫ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ. ॥

ક્રોધી અસૂરે, કરમા ધરીને,
ત્રીશૂળ માર્યું જગદીશ્વરીને.
જાજવલ્ય અગ્ની સમ અંબરે તે,
ભાંગ્યૂ શુળેથી, શુળ દેવિએ તે ॥ ૬ ॥

॥ દોહરા ॥

મહા કાળિ કોપ્યાં અતી, અરિનો કરવા નાશ
અમોઘ શુળ માર્યૂં બળે, રૂંધ્યો દૈત્યનો શ્વાસ ॥ ૭ ॥
સત ખંડ થયા શરીરના, ચિક્ષુરે મુકયા પ્રાણ
ગજારૂઢ થઇ ચામરે, રણમાં કર્યૂં પ્રયાણ ॥ ૮ ॥
મહા શકિતને શત્રુએ, શકિત મારી એક
અંબાએ અસ્ત્રે કરી, ભાંગી નાખી છેક ॥ ૯ ॥
ગજ મસ્તક પર કેસરી, કુદયો મારી ફાળ
હસ્તી પર અરિને હણે, સિંહ રૂપ વિકાળ ॥ ૧૦ ॥
યુદ્ધ કરતા અવની વિષે, આવ્યા સિંહને દૈત
સિંહે નિજ નખપ્રહારથી, માર્યો ચામર ધીટ ॥ ૧૧ ॥
બિડાળ બાષ્કળ આદિ ને, અસુર તણા સૈનીક
માતાએ માર્યા બધા, નિશેષ કરી અનીક ॥ ૧૨ ॥

॥ ભુજંગી છંદ ॥

મહા દેવિના પ્રાક્રમે યુદ્ધ પર્વે
મુવા સૈનિકોને મર્યૂં સૈન્ય સર્વે
રહ્યા એક બાકી મહા દૈત્ય પાપી
થયો દેવિ સામો સુરારી પ્રતાપી ॥ ૧૩ ॥

॥ દોહરા ॥

સૈનિક ને સેના તણો, નિહાળિ નાશ અસૂર
મહિષ થયો માયા કરી, મોટો મહિષા સૂર ॥ ૧૪ ॥

॥ ઇંદ્રવજરા છંદ ॥

માહીષ મોટો, બળવાન જાડો
આવ્યો રણાંગે, થઇ ક્રૂર પાડો
વિલાવ વન્હી, મુખથી સ્રવે છે
વ્યાકૂલ સર્વે, સુરને કરે છે ॥ ૧૫ ॥

॥ માલિનિ છંદ ॥

મહિષ મૃધ કરે છે, નાદ મોટો કરીને
આધક મુખ અનીલે, ત્રાસ આપે અરીને
સમિપ જઈ સુરોને શૃંગ મારે સુરારી
ધરણિ તળ ખુરેથી, ખોદિ નાખે દુરારી. ॥ ૧૬ ॥
અભિ મુખ જઇ વેગે, દેવતાને નસાડે
બહુ બળથિ ૮ગરિના, શૃંગ શૃંગે ઉરાડે
અતિ મૃગ અરિ ને તે, પૂંછડેથી વિદારે
અમર આનક સર્વે નાઠા માહીષ મારે ॥ ૧૭ ॥

॥ દોહરા ॥

પરમેશ્વરિએ પાસથી, સત્વર બાંધ્યો બંધ,
ત્રિશૂળ મારી દુષ્ટનૂં, રૂંધ્યું મુખનૂં રંધ્ર ॥ ૧૮ ॥
મહિષ રૂપને પરહરી, થયો સિંહ સ્વરૂપ,
સિંહના શિરને કાપતાં, ધર્યું પુરૂષનૂ રૂપ ॥ ૧૯ ॥
દ્વંદ્વ યુદ્ધને કારણે, મહિષાસુર બળવાન
પુરૂષ થઈ ઉભો રહ્યો, ધરિ અંતર અભિમાન ॥ ૨૦ ॥

॥ ભુજંગી છંદ ॥

ઉમા સંગ ક્રુટે કર્યૂં દ્વંદ્વ યુદ્ધ
રણાજીર જૂવે ઉચેથી વિબૂધ
જગન્માત સાથે યુદ્ધે હામ ભીડી.
અસીધારથી વર્મ નાખ્યૂં ઊખેડી ॥ ૨૧ ॥

કરે ક્રૂર આસુર ઊન્માદિ જંગ
વિંધે ત્રીશુળેથી ભવાનીનુ અંગ
હણે શક્તિથી સદ્ય વિશ્વેશ્વરીને
લઇ શાંગ મારે ધરે કેશરીને ॥ ૨૨

॥ માલિનિ છંદ ॥

અસુર બહુ બળેથી, દેવિને બાણુ મારે
કુસળ યુધ, કળાથી અસ્ત્ર વૃષ્ટી નિવારે
શરિર સરથિ ભેદે, મૂઢ માયા કરીને
ત્રિશુળ મુશળ મારે, સીંહને છેતરાને ॥ ૨૩ ॥

॥ દોહરા ॥

દ્વંદ્વ યુદ્ધમાં દેવીએ, આમર્ષ કરિ અત્યંત
અસ્ત્રોથી અરિને હણે, તરત આણ્યા અંત ॥ ૨૪ ॥

શસ્ત્ર પાતના ઘાતને, ચુકવી ચતુર અસૂર
મહેશ્વરિને મૂદગરે, મારે તે રણ સૂર ॥ ૨૫ ॥

દુર્મદનો મદ ટાળવા, દેવીએ મરી શાંગ
મર્મ વર્મના વેધથી, સિથિલ થયું સર્વાંગ ॥ ૨૬ ॥
અદ્રશ્ય થઇ માયા બળે, માયાવી ત્યાં તર્ત
આવ્યો યુદ્ધ કરવા વળી, કુંજર થઇ ઊન્મત ॥ ૨૭ ॥

॥ આર્યા ॥

દૈત દેવિને મારે, શોણિત શ્રાવાં, કુંઠાલ કાયાથી
કાળો પરવત જેવો, હસ્તિ થયો તે અમાપ માયાથી ॥ ૨૮ ॥

॥ ઇંદ્રવજા છંદ ॥

રણાંગણે તે ગજ દોડિ જાએ
પ્રચંડ વેગે, કુળ કોટ થાએ
ઢંકાય ધૂળે, સવિતા અકાશે
આસૂરિ ત્રાસે, સુર લોક ન્હાસે ॥ ૨૯ ॥

વીંધે સુરોના, વપુ દંત શૂળે
લાંગૂલ મારે, ઝટ કંઠ મૂળે
સૂંઢે લપેટી, ટચડે પગેથી
હાહા કરે છે, અમરો ખગેથી ॥ ૩૦ ॥

પગે હણીને, પૃથ્વી ધ્રુજાવે
હસ્તી સુરોના ગણને ભમાવે
મૃગાદ્રિને તે, જઇ માથું મારે
દારૂણ યુદ્ધ, નહિ દુષ્ટ હારે ॥ ૩૧ ॥

પાણી ઉરાડે, સુઢ રંધ્રમાથી
ધારા પડે છે, જયમ અભ્રમાથી
શોણીત વૃષ્ટી, લહિ સૂર કાંપે
માતંગ માયા, થકિ ભાંતિ વ્યાપે ॥ ૩૨ ॥

વ્યાકૂળ કીધા, બહુ દેવતાને
મારે સુઢેથી, ધસિને ઉમાને
દુર્વાર દુઃખે, સુરને નિહાળી
આક્રાંત, ક્રોધે, થઇ ભદ્રકાળી ॥ ૩૩ ॥

॥ આર્યા ॥

કપોળ દેશ કુંજરનો, તિવ ત્રિશુળે વિંધી ત્રિપૂરાએ
માતગ માયાવીને, વ્યાકુળ કીધો ક્ષુરપ્ર ધારાએ ॥ ૩૪ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

શૈલાગ્ર આવી, ગજ ગર્જનાથી,
વિકાળ કાળો ક્ષિણ વીકળાથી
રૂધીર શ્રાવી ત્રિશુળે વિંધ્યાથી,
વાંહા. પડ્યો, રણરોળનાથી, ॥ ૩૫ ॥

॥ દોહરો ॥

મહિષ રૂપ પાછું ધર્યું, કરી ગર્જના ઘોર,
ક્ષોભ થયો ત્રૈલોકમાં, નભમાં વ્યાપ્યો સોર. ॥ ૩૬ ॥

॥ ભુજંગી છંદ. ॥

લઈ રૂપ પાડા તણુ એ અસૂરે,
કરી ગર્જના મૂખથી અગ્નિ સ્ફૂરે;
વપૂ વજ્ર જેવું નહી શસ્ત્ર છેદે,
ગિરી રાટ જેવો નહી ખડ્ગ ભેદે. ॥ ૩૭ ॥
ધસી દૂંડ મારે સુરોના ગણોને,
હણે પુછ્છથી દેવિના સૈનિકોને;
કરી દોડ ચક્રાકૃતિએ મહીષ,
પ્રવેશી રણે તે હણે સીંહ શીસ. ॥ ૩૮ ॥

॥ દોહરા ॥

ગિરિજા પ્રતિ ગિરિ શૃંગને, ફેંકે મહિષાસૂર,
મહેશ્વરીએ મન કર્યૂં, હરવા ધરણી ધૂર. ॥ ૩૯ ॥
ત્રીદશ કર જોડી કહે, દેવી સર્વાધાર,
મહિષમર્દિની અંગ તૂ, મહિષાસુરને માર. ॥ ૪૦ ॥

॥ ભુજંગી છંદ ॥

રૂઠયાં દેવિ ભૂભાર ઊતારવાને,
સદા સૃષ્ટિના સત્વ ને ધારવાને
અતી દુઃખ દેવો તણૂ ટાળવાને
લહ્યો કાળ વિકાળને મારવાને ॥ ૪૧ ॥

॥ દોહરા ॥

મહેશ્વરિને મુહુર્તમા, ઊપન્યો ક્રોધ અપાર
દુર્નિરિક્ષ્ય દુર્ગાતણૂ, તેજ વધ્યૂં તે વાર ॥ ૪૨ ॥
ભયાનક ભૈરવી થઇ, ભવ્ય ભુજ વિસ્તાર;
દિવ્યાનન દિસી થકી, દીશે ભીમાકાર; ॥ ૪૩ ॥
અટ્ટહાસ હૂંકારથી, ગર્જ્યું ગગન ઘન ઘોર;
ત્રિભુવનમાં વર્તી રહ્યા, પ્રતિધ્વનીનો સોર. ॥ ૪૪ ॥
પ્રલયાનળ પ્રગટ્યો તને, વર્ત્યું રૂપ વિકાળ;
રક્ત નેત્રથી નીકળી, ઉર્ધ્વ અગ્નિની ઝાળ. ॥ ૪૫ ॥
ગરજન ઘોર મુખથી કરે, ક્રૂર કેસરી ધીર,
લોલ જીભથી ચાટતો, અરિનુ ઉષ્ણ રૂધીર. ॥ ૪૬ ॥
અમોઘ યુધ આયૂધનો, ભાસ પડે ચોપાસ;
પાન પાત્ર હાથે ધર્યૂં, માત કરે મિત હાસ. ॥ ૪૭ ॥
અનુપ મુર્ત અંબા તણી, અંબરમા દેખાય;
વદન કળાની કલ્પના, દેવ થકી ના થાય. ॥ ૪૮ ॥

દેવી કહે છે ॥ દોહરા ॥

મુરખ નિરખ તવ સૈન્યનો, મર્ણ માર્ગ વિપરીત;
પાન કરૂં હૂં ત્યાં સુધી, ગર્જ ગર્જ તૂં દૈત. ॥ ૪૯ ॥
હણિસ મુઢ આ મુહુર્તમા, સાવધ થા તૂં શઠ્ય;
ગગને સર્વે દેવતા, ગરજન કરશે અઘ. ॥ ૫૦ ॥

ઋષિ કહે છે. ॥ દોહરા ॥

એમ વીને ચંડીએ, લીધું તિક્ષણ શૂળ
દાબ્યો કંઠ માહિષનો, યુદ્ધ કરી સંકૂલ. ॥ ૫૧ ॥
મહાન્વીત નિજ મુખથી, નિકળ્યો અર્ધો બહાર,
પકડય કેશ તે દુષ્ટના, દેવીએ તે વાર. ॥ ૫૨ ॥

કાપ્યું શીર ખડ્ગે કરી, પામ્યો મર્ણ અસૂર,
હર્ષિત થઈ જય જય વદે, ઋષી મુનીને સૂર. ॥ ૫૩ ॥

ગંધર્વે ગાયન કર્યું, કરે અપ્સરા નૃત્ય
દેવ કહે દેવી તમે, દુષ્કર કીધું કૃત્ય ॥ ૫૪

॥ આર્યા ॥

અસુર હણ્યો અંબાએ, મસ્તક છેદ્યૂં અમોઘ અસ્ત્રેથી.
અમર સમર ભૂમીમા, સ્તૂતિ કરેછે અનેક મંત્રેથી ॥ ૫૫ ॥

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી માહાત્મ્યે.
મહિષાસુર ના સારનો ત્રીજો. ॥ ૩ ॥



ઋષિ કહે છે. ॥ શાર્દુલ વિક્રીડિત છંદ ॥

ઇંદ્રાદી અમરો મહીષ અરિનુ, મચૂ લહી હર્ષથી,
દેવીને વિનવે પ્રણામ કરવા, ઉત્કૃષ્ટ શિરકર્ષથી.
શકતી એક સમગ્ર સુરગણની, પુજ્ય તું પર્મેશ્વરી
અંબા આદિ નમાનિ મા જગતમા. વ્યાપી રહી ઇશ્વરી. ॥૧॥
જેની શક્તિ પ્રભાવને હર હરો, બ્રહ્મા ન જાણી શકે,
તે ચંડી પરિ પાળજો જગતને, દેવો નમે મસ્તકે.
પુણ્યાત્મા જનના ગૃહે, અચળ તું લક્ષ્મિ રૂપે રહી,
પાપીના હૃદયે કુબુદ્ધિ રૂપથી, વાસો અલક્ષ્મિ થઇ. ॥ ૨॥

॥ વસંતતિલકા છંદ ॥

દેવી અચિંત્ય રૂપને નહિ દેવ જાણે,
યુદ્ધે અમીત બળને અમરે વખાણે;
અવ્યાકૃતા તું પરમા પ્રકૃતી અનાદી,
છંદોક્ત સ્તોત્ર ભણતા મુનિ વેદવાદી. ॥ ૩ ॥
અંબા તમે ભગવતી ભવભાવિની છો,
નૌકા નિશંક ભવ સાગર મા તમે છો;
પૂજાદિ ધર્મ વિધિ એ જન જે કરે છે,
દેવી તું આપિ સુખને, દુખને, હરે છે. ॥ ૪ ॥

॥ મંદાકાન્તા વૃત ॥

દેવી દુર્ગા, કરૂણ હૃદયે, સર્વદા છો ભવાની,
દારિદ્રયાદી, સકળ દુખની હારિણી હે ઇશાની;

ઊતાર્યો આ અસુર હણિને અધ્ય ભૂમાર બારે;
રક્ષો રક્ષો, અમર ગણને, શર્ણ છૈએ તમારે. ॥ ૫ ॥

॥ ઇંદ્રવજ્રાવૃત ॥

હે દેવિ કૃપા કર દેવ કૂળે,
રક્ષા હમારી કર દેવિ શૂળે;
ખડ્ગેથિ રક્ષા કર અંબિકા તું,
ઘંટા અને ચાપથિ રક્ષ મા તું. ॥ ૬ ॥

પ્રાચી અને પશ્ચિમની દિશામા,
રક્ષા ત્રિપૂરા કર ઊદિચીમા;
ત્રીશૂળના તું ભ્રમણે ભવાની,
રક્ષા કરો દક્ષિણમા સુરોની. ॥ ૭ ॥

॥ શાર્દુલવિક્રિડીત છંદ ॥

રૂપો જે તવ, સૌમ્ય ઘોર વિચરે, ત્રૈલોક્યમા અંબિકા;
તે સર્વે ત્રિદશો અને ભુવિ તણી રક્ષા કરો કાલિકા.
અસ્ત્રો ખડગ ગદા ત્રિશુળ અસિ જે, હસ્તે ધર્યાં ચંડિતે,
રક્ષા તે કરજો સદા સુરતણું, દેવો હમે વન્દિએ. ॥ ૮ ॥

ઋષિ કહે છે ॥ દોહરા ॥

સ્તુતી કરી દેવી તણી, દેવ વધ્યા તે વાર;
રક્ષણ કરજો અંબિકા, અમરનુ વારંવાર. ॥ ૯ ॥

ગંધ માલ્ય અર્ચા કરી, કીધો ધૂપ અનૂપ;
વધાવ્યાં પૂજી પ્રેમથી, નંદનવનના પુષ્પ. ॥ ૧૦ ॥

દેવી કહે છે ॥ ઉપેન્દ્રવજાવૃત ॥

સ્તુતીથિ ચંડી ધાર સૌમ્યતાને,
પ્રસન્ન મૂખે વાદ દેવતાને;
મહીષ નાશે ભય છેક ભાંગ્યો,
સુરો તમે સૌ વરદાન માગો. ॥ ૧૧ ॥

દેવ કહે છે ॥ દ્રુતવિલંબિત છંદ ॥

ભગવતી મહિષસુર મારિને,
વિકટ વાંપત વિશ્વનિ ટાળિને;
હુમ પ્રતાં મહતી કરૂણા કરી,
સદય છો હૃદયે જગદીશ્વરી. ॥ ૧૨ ॥

॥ દોહરા ॥

ઇચ્છા હેઃએ ...શ્વરી, જો દેવા વરદાન;
સહાય કર સંકટ વિષે, ધરીએ તારૂં ધ્યાન. ॥ ૧૩ ॥

સમરણ કરતાં સદ્ય તૂં, કરજે દુખનો નાશ,
શરણ સૂર છઇએ હમે, અંબા પુરજે આસ. ॥ ૧૪ ॥

દેવી જે જન પુજનથી, તમને કરે પ્રસન્ન,
તેને વૈભવ આપિને, કરજો સુખ સંપન્ન. ॥ ૧૫ ॥

ઋષિ કહે છે. ॥ દોહરા ॥

તુષ્ટ થઇ સ્તૂતી થકી, અસ્તુ વદતાં વાર,
અંતર્હિત અંબા થયાં, પ્રાક્રમ કર્યા અપાર. ॥ ૧૬ ॥
દેવી દેવ શરીરથી, પૂર્વે થઇ ઉત્પન્ન,
હિતૈષિણી ત્રૈલોકની, સુખદાઈ સંપન્ન. ॥ ૧૭ ॥
વૃતાંત તે દેવી તણું, વર્ણન કીધું ભૂપ,
વ્યાપિ રહી વિશ્વમાંહી, અનેક ધરિને રૂપ. ॥ ૧૮ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

ઉદ્ભવિ પાછી તે દેવી,
ગૌરની દિવ્ય દેહથી;
હણવા દુષ્ટ દૈત્યો બે,
શુંભ નિશુંભ નામથી. ॥ ૧૯ ॥
થવા રક્ષણ લોકોનૂં,
કરવા હિત દેવનૂં;
વદુ હૂં સાંભળો રાજા,
સર્વ વૃતાંત દેવિનૂં. ॥ ૨૦ ॥

॥ માર્કંડ પુરાણે સાવર્ણિક મન્વંતરે દેવી માહત્મ્યે શક્રાદિ દેવોની સ્તુતિના સારનો ચોથો ॥ ૪ ॥

ઋષિકહેછે. ॥ અનુષ્ટુપ છંદ ॥

શુંભ નિશુંભ બે દૈત્યે, સ્વિકરી દુર બુદ્ધિને
દેવાદીના હરી લીધા, ત્રૈલોકગે વજ્ર બાણને ॥ ૧ ॥

॥ દોહરા ॥

સુર્ય ચંદ્ર વન્હી અને, વરૂણ વાયુ કૂબેર
અધીકાર ધર્માદીનો, લઇ લીધે આ વેર ॥ ૨ ॥
પરાજીત દેવો થયા, થયા રાજ્યથી ભ્રષ્ટ
અધીકાર સર્વે ગયો, પામ્યા ઝાઝું કષ્ટ ॥ ૩ ॥
પુર્વના વર્દાનને, સંભારીને સૂર
સ્મરણ કર્યૂં દેવી તણું, હણવાને આસૂર ॥ ૪ ॥
દેવીને આરાધવા, કરવા દુખ નિસ્તાર
હિમવંત પર પરવર્યાં, દેવ કરી વિચાર ॥ ૫ ॥

દેવો કહેછે ॥ અનુષ્ટુપ છંદ ॥

નમો દેવી મહા દેવી, શાંભવિને નમો નમઃ
નમો કલ્યાણિ ગૌરીને, રૂદ્રાણિને નમો નમઃ ॥ ૬ ॥
નમો શર્વાણિ દુર્ગાને, નૈઋતાને નમો નમઃ ॥ ૭ ॥
નમો જગત્પ્રતીષ્ઠાને, ભદ્રાણને નમો નમઃ ॥ ૮ ॥

॥ આર્યા ॥

ભુતોમા દેવિશબ્દે, વ્યાપિ રહાજે હરી તણી માયા
નમિએ તે અંબાને, વ્યાપક રૂપે રહી થઇ છાયા ॥ ૮ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

જે દેવિ બુદ્ધી સ્વરૂપે ભુતોમા
નિદ્રા સ્વરૂપે રહિ પ્રાણિઓમા
ક્ષુધા સ્વરૂપે રહિ ભૂત વીશે,
તે દેવિને વન્દન છે વિશેષે. ॥ ૯ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

જે દેવી સર્વ ભૂતામા, ભ્રન્તિ તૃષ્ણા સ્વરૂપથી,
શાંતિ જાતિ અને લજ્જા, સ્વરૂપે રહી શક્તિથી. ॥ ૧૦ ॥
જે દેવી સર્વ ભૂતોમા, શ્રદ્ધા લક્ષ્મ સ્વરૂપથી;
ક્રાન્તિ વૃત્તિ દયા રૂપે, રહી જે તુષ્ટિ ભાવથી. ॥ ૧૧ ॥
જે દેવી સર્વ ભૂતોમા, શક્તિરૂપ સ્વરૂપથી,
ઇંદ્રિઓનિ અધીષ્ઠાત્રી, રહી છે માતૃભાવથી. ॥ ૧૨ ॥
જે દેવી ચીતિ રૂપેથી, વ્યાપિ રહી આ વિશ્વમા,
તે મહાદેવી વ્યક્તીને, વારંવાર નમો નમઃ ॥ ૧૩ ॥

॥ ઉપેંદ્રવજ્રા છંદ ॥

સુરેંદ્ર ને સૂર નગેંદ્ર શૃંગે,
સ્તુતી કરી દેવિ તણી ઉમંગે;
વદ્યા તું દેવી કર દૃષ્ટ નાશ,
નિવારિને આપત પૂર આસ. ॥ ૧૪ ॥

॥ વસંતતિલકા વૃત ॥

દેવી હમે પરમ શક્તિનિ મુર્તિ છૈએ,
આપે અસૂર હમને દુખ કેમ સ્હૈએ;
અભ્યૂદયે મતિ કરો સૂરને ઉગારો,
છે આસરો અમરને દિવિ મા તમારો. ॥ ૧૫ ॥

ઋષિ કહે છે ॥ દોહરા. ॥

દેવિએ જાણિ એવણા, અમરની અંતર્ગત,
સ્નાનાર્થે ગંગા વિશે, ગયાં પાર્વતી તર્ત. ॥ ૧૬ ॥
કહ્યું પરાજીત દેવને અંબાએ કરી હાસ.
સ્તુતી કહો કોની કરો, પુરણ થશે તમ આસ. ॥ ૧૭ ॥
પાર્વતિના તે તન થકી, પ્રગટિ અંબિકા માત;
સર્વ લોકમા કૌશિકી, દેવી થઇ પ્રખ્યાત. ॥ ૧૮ ॥
બીજૂ રૂપ કૃષ્ણા તણૂ, પ્રગટયું દેવને અર્થ;
કાલીકા ત્રણ લોકમા. પ્રસિદ્ધ થઈ સમર્થ. ॥ ૧૯ ॥
હિમાલયે કાલી વસી, સુરનૂ કરવા કાર્ય;
અદભુત રૂપ દેવી તણૂ, પ્રતાપ બળ અનિવાર્ય. ॥૨૦॥

॥ માલિનિ છંદ ॥

મનહર રૂપ દીઠૂં દેવિનૂ ચંડ મૂંડે,
વિનવિ વિદિત કીધૂ સૂંભને બે પ્રચંડે;

હિમગિરિ પર કો સ્રીરૂપ અંબાર રાજે,
નિરખિ મુખ સતીનૂ અંબરે ઈંદુ લાજે. ॥ ૨૧ ॥

॥ દોહરા ॥

અસુર રાય જઇને જુવો, ચારૂ અંગિ છે નાર;
દીશા સર્વ દ્યુતી થકી, પ્રકાશ કરે અપાર. ॥ ૨૨ ॥

ગજ ઐરાવત ઈંદ્રનો, પારીજાતનુ વૃક્ષ;
ઉચ્ચૈઃશ્રવા હય શોભતો, વિમાન હંસ પ્રત્યક્ષ. ॥ ૨૩ ॥

મહા પદ્મ નીધી હરી, કુબેરજીની સર્વ;
છત્ર હર્યૂં જળ દેવનૂ, અતી ઉતાર્યો ગર્વ. ॥ ૨૪ ॥

હરણ કરી રથ લાવિયા, પ્રજાપતીનો સાર;
બળત્કારથી મૃત્યુની, શક્તિ હરિ અનીવાર. ॥ ૨૫ ॥
સમસ્ત રત્ન સુવર્ણને, સ્મૃદ્ધિ સ્વર્ગની સાર,
સુંભનિસુંભ બળિઆ તમે, હરી લાવ્યા અપાર. ॥ ૨૬ ॥
ગૃહણ કેમ કરતા નથી, કલ્યાણી સ્રી રત્ન,
હરણ કરી લાવો તમે, સુંભ કરો સૂભ યત્ન. ॥ ૨૭ ॥

ઋષિ કહે છે. ॥ ભુજંગપ્રયાત છંદ ॥

શૃણી ચંડને મૂંડની વાત દૈત્યે,
વદ્યો દૂત સુગ્રીવને સૂંભ પ્રાતે;
વસે નાર કો હીમવંતે રૂપાળી,
જઇ લાવ તેડી સતીને નિહાળી. ॥ ૨૮ ॥

દુત કહે છે:—॥ ભુજંગ પ્રયાત ॥

ગયો દૂત સુગ્રીવ દેવીનિ પાસે,
કરી સૂંભની ઇષ્ટ વ્યણી સમસે;
મહા દૈત્ય છે સૂંભ ત્રૈલોક ઇશ,
છઉં દૂત તેનો સતી નામુ શીશ ॥ ૨૯ ॥
જીતી ત્રાંદશોને હરી લીધું સર્વ,
અનૂવર્તિ દેવો નમે મૂકી ગર્વ;
લિધા યજ્ઞના ભાગ દૈત્યારિ મારી,
નથી સૂંભથી અન્ય ઐશ્વર્ય ધારી. ॥ ૩૦ ॥
તને આ રૂપે રત્ન જ ચેમ જાણી,
અતી પ્રેમવાળો પ્રેડ સૂભ પ્રમાણું;
કહૂ સૂંદરી ચાલ તું મારિ સંગ,
સતી સૂભની થાય આજ્ઞા ન ભંગ. ॥ ૩૧ ॥

॥ દોહરા ॥

સુંભ નિસુંભ ત્રૈલોકના, સ્વામી છે નિરધાર,
એમાંથી બળિઆતણો, સ્વાકાર કર તુ નાર. ॥ ૩૨ ॥

ઋષિ કહે છે ॥ દોહરા ॥

દુર્ગા ભદ્રા ભગવની, જગત તણી આધાર,
સાંભળી વાત નિરાંતથી, વદી બોગ વિચાર. ॥ ૩૩ ॥

॥ દેવી કહેછે ઇંદ્રવજ્રા છંદ ॥

હે દૂત વાર્તા તણુ હૃધ્ય પામી,
છે સૂંભ નીસૂંભ ત્રિલોક સ્વામી.
તથાપી મારે મન છે પ્રતિજ્ઞા,
સુગ્રીવ તૂં સાંભળ સત્ય સંજ્ઞા ॥ ૩૪ ॥
યુધ્ધે જીતી જે મુજ દર્પ તોડે.
પતી થશે તે વરૂં વીર જોડે,
તે સૂંભને તું વદ દૂત વ્હેલો.
જીતી મને તૂં કર ઝાલ વ્હેલો, ॥ ૩૫ ॥

દુત કહે છે ॥ ભુજંગી છંદ ॥

વદે છે ઘણું ગર્વની દેવિ વાણી.
નથી દૈત્ય સામો થયો કોઇ પ્રાણી,
નથી સૂર સામા થયા નાસિ છૂટયા
ભમે મૃત્યુ લોકે થયા સૌ વછૂટા, ॥ ૩૬ ॥
નથી શક કેં સૂરને શક્તિ અંગે
કરે યુદ્ધ કો સૂંભ નીસૂંભ સંગે,
સકૂમાર તૂ નાર છે રત્ન જેવી.
મુકી યુદ્ધનો મર્મ તું ચાલ દેવી, ॥ ૩૭ ॥
સતી આવ તું સૂંભ નીસૂંભ પાસ,
કહ્યૂં માન મારૂં થશે પુર્ણ આસ;

નહિ આવશે તો ગૃહી કેશ તાસ
તને તેડિ જાસે અસૂરો હમારા ॥ ૩૮ ॥

॥ દેવી કહે છે ॥ માલિનિ છંદ ॥

કયમ કરિ દુત મૂકું મારિ મોટી પ્રતીજ્ઞા
મત કરૂં મતિ વીના યુદ્ધ ઇચ્છૂ હું અજ્ઞા
ઝટ જઇ વદ વાણી શૂંભ નીશૂંભને તૂં
ત્વરિત હિત વિચારી, આચરો સૂર શત્રૂ ॥ ૩૯ ॥

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી મહાત્મ્યે
દેવી દુત સંવાદના સારનો પાંચમો ॥ ૫ ॥



ઋષિ કહે છે. ॥ દોહરા ॥

સાંભળી વાણી દેવિની દુતને ઊપન્યો ક્રોધ
સત્વર જઈને શૂંભને વિદીત કર્યો વિરોધ ॥ ૧ ॥

વૃતાંત સાંભળિ શૂંભને, અમર્ષ વધ્યો અધીક
ધૂમ્રલોચનને કહ્યૂં, તું છે અસૂર અધીપ ॥ ૨ ॥

જા તું સૈન્ય સાથે લઇ, કરની સત્વર સ્હાસ
પકડિ ચોટલો નારનો, તેડિ લાવ મુજ પાસ ॥ ૩ ॥

કદી યક્ષ ગંધર્વને, દેવો કરે રક્ષણ
મારી નાખજે સર્વને, વિચાર કરિશના ક્ષણ ॥ ૪ ॥

ઋષિ કહે છે ॥ દોહરા. ॥

ગયો ધુમ્રલોચન લઇ, અસૂર સાઠ હજાર
હિમાચળ પર દેવીને, દિઠો રૂપ અંબાર ॥ ૫ ॥

બોલ્યો તે ઊંચે સ્વરે, અબળા ઊઠ અવાર
શુંભ નીશુંભ પાસે સતી, ચાલ ચલ તું નાર ॥ ૬ ॥

પ્રિત થકી નહી આવશો, કદિ હઠ કરશે લેશ
તેડી જઈશ તન્વિ તને, પકડી તારા કેશ ॥ ૭ ॥

દેવી કહે છે ॥ ઉપેન્દ્રવજ્રાછંદ ॥

તેડી જશો જો બળથી મને તૂં
કરી શકૂં શું અબળા તને હૂં

હું તો છઊં એકલિ નારિ જાતે
અમર્ષ વ્યાપે શૃણિતારિ વાતે ॥ ૮ ॥

ઋષિ કહે છે ॥ દોહરા ॥

વચન સાંભળિ દેવીનૂ, ધુમ્રલોચન અસૂર
દેવીને ધેવા ગયો, દૈત્ય દુષ્ટ નિષ્ઠુર ॥ ૯ ॥
ક્રોધાગ્નિથી દેવીની, રાતી થઇ એ આંખ
અંબાએ હુંકારથી, બાળી નાંખ્યો રાખ ॥ ૧૦ ॥
ધુંમ્રલોચનનિ રાખને, નિરખિ સર્વે અસૂર
પકડો બાંધો નારને, વધ્યા દૈત્ય સૌ ક્રુર ॥ ૧૧ ॥

॥ ભુજંગપ્રયાત ॥

લડે દૈત્યનૂ સૈન્ય સામૂ ત્વરાએ
હણ્યૂં બાણને શક્તિથી અંબિકાએ
કુદયો કોપથી સીંહ સંગ્રામ મધ્યે
નખે ચીરિ નાખ્યા ઘણા દૈત્ય યુદ્ધે ॥ ૧૨ ॥

॥ સ્રગવીણી છંદ ॥

હથને શીર જુદાં કરી થાપટે
લોહિ ઊનું પીએ દૈત્યનૂ છેવટે
શૂંભ નીશૂંભના સૈન્યને તે ક્ષણે
કેસરીએ બધૂં રોળિ નાંખ્યૂં રણે ॥ ૧૩ ॥

॥ દોહરા ॥

ધુમ્ર દૈત્યને દેવીએ, કિધો ભસ્મ તત્કાળ
નાશ કરયૂં સઉ સૈન્યને, કેસરીએ વિકાળ ॥ ૧૪ ॥
એહવું સાંભળી શૂંભને, અંતર ઉઠી ઝાળ
ચંડ મુંડને ઓચરયો, રૂઠયો આપણો કાળ ॥ ૧૫ ॥
આજ્ઞા કીધી ક્રોધથી, ચંડ મુંડને શઘ
સેના લઇને સંચરો, હીનવંત પર અઘ ॥ ૧૬ ॥
માનિનિને મૃદુ ભાષણે, અધિક આપિને માન
તેડિ લાવજો નારને, કરશો નહી અપમાન ॥ ૧૭ ॥
આવે નહિ જો હઠ કરે, તો તો મારી માર
અથવા પકડી કેશને, બાંધી લાવો નાર ॥ ૧૮ ॥
હણજો કેસરી ક્રુરને. લજો તેના પ્રાણ
અંબાને લઈ આવજો, અસુર કરો કલ્યાણ ॥ ૧૯ ॥

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી મહાત્મયે
ધુમ્રલોચનના સારનો છઠ્ઠો. ॥ ૬ ॥



॥ ઋષિ કહે છે ॥ દોહરા ॥

શૂંભ તણી આજ્ઞા થકી ચંડ મુંડ બે દૈત્ય
ચાલ્યા સૈન્ય ઝાઝુ લઇ, આયુધ કરી ઊદ્ભૂત ॥ ૧ ॥
સુવર્ણ શૃંગે ગિરી તણા, કીંચિત કરતી હાસ
સીંહારૂઢ તે દેવીને, દીઠી અચળ નીવાસ. ॥ ૨ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

અંબાને નિર્ખિને સર્વે, સંભારી શુંભ વાકયને
ગયા દેવી પ્રતી દૈત્યો, ઊગામી નિજ શસ્ત્રને ॥ ૩ ॥

॥ સ્રગવિણિ છંદ ॥

અંબિકાને થયો કોપ દૈત્યો પ્રતી
વ્યાપિ ક્રોધે મસી વર્ણ મૂખે ઘુતી
કાલિકા કાળ રૂપે થઇ ભીષણા
મૂંડમાળા ધરી દેવિ વીભુષણા ॥ ૪ ॥

॥ દોહરા ॥

કરાળ વદની કાળીકા; ભ્રુકુટી ભવ્ય કુટીલ
ખટવાંગી અતી ભૈરવા, ધારયાં શસ્ત્ર અખીલ ॥ ૫ ॥
સર્વ દીશાને પુરતી, કરતી મોટો નાદ
કાળી ચાલી ટાળવા, અસૂર તણો પ્રમાદ ॥ ૬ ॥

॥ ભુજંગપ્રયાત ॥

અતી વેગથી દૈત્યના ઘાત સારૂ
મહા કોપથી સૈન્ય મારી નિવારયું

ગ્રહી અશ્વ માતંગ મોટા અરીને
મુકે મૂખમા એક હાથે ધરીને ॥ ૭ ॥

॥ ઇંદ્રવજરા છંદ ॥

યોદ્ધા રથો સારથિ હસ્તિ પાને
ચાવે મુખે દાંતથિ જીવ તાને
શસ્ત્રાસ્ત્ર મારે વળિ જે અસૂરા
તેને કરે છે ઝટ ચાવિ ચૂરો ॥ ૮ ॥

॥ દોહરા ॥

ગ્રિવાથી પકડિ એકને બિજાના પકડિ કેશ
કચડી નાખ્યા પગ થકી, અસુર હણ્યા વિષેશ ॥ ૯ ॥

કઇક ને મરદન કર્યા, કોઇને કીધા ભક્ષ
અસુર એમ માર્યા બધા, ચંડ મુંડ સમક્ષ ॥ ૧૦ ॥

॥ ભુજંગ પ્રયાત ॥

અસો એ હણ્યા અન્યને કાલિકાએ
ઘણા ક્રોધથી દૈત્ય નિસ્તાર થાએ
બધા સૈન્યનો નિર્ખિને નાશ ચંડ
ગયો કાલિ સામો ગ્રહી ઊગ્ર દંડ ॥ ૧૧ ॥

॥ વસંતતીલકા છંદ ॥

ભીમાક્ષિને અસુર તે ઇશુ તીવ્ર મારે
કાળી કરાળિ કરથી શર વૃષ્ટિ વારે

મારે ત્રિશુળ મુશળે બળથી બળી જે
જાયે અમર્ષ કરતી મુખમા ગળી તે ॥ ૧૨ ॥

॥ શાર્દુલવિક્રિડીત છંદ ॥

મૂંડે મૂકી અસંખ્ય ચક્ર રણમાં, ઢાંકી દિધી દેવિને
કાલીએ બળથી વિકાશિ મુખમાં લીધાં બધાં ચક્રને
ચક્રો તે સઊ સુર્ય બીંબ સરખા, દેખાય મેઘોદરે
શાલી ભૈરવ નાદિની અસુરને, મારી ભરે ઊદરે ॥૧૩॥

॥ ભુજંગ પ્રયાત ॥

અતી ક્રોધથી કાલિએ કીધું હાસ્ય
પડે વક્ત્ર દુર્દર્શનો પુર્ણ ભાસ
લિધો ખંગ તે સીંહને ક્રોધ કાલી
ગઇ ચંડ સન્મૂખ મારી કરાલી

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

તે ચંડ કેરા ઝટ કેશ ઝાલી
પાડયો ધરાએ થઈ રૂષ્ટ કાલી
કાપ્યું અસીએ શિર શત્રુનૂ ત્યાં
દેવી અમર્ષે અરિ નાશ પામ્યા ॥ ૧૫ ॥

॥ વસંતતીલકા છંદ ॥

મૂંડે નિહાળિ વિર ચંડ તણો નિપાત
દોડયો ત્રિશુળ લઇને કરવા વિઘાત

કાલી ભયાનકિ કરે ગૃહિ ખડ્ગ મારયૂં
વીદારિ મૂંડ ધડને ભુમિમા પછાડયૂં ॥ ૧૬ ॥

॥ દોહરા ॥

ચંડ મુંડને મારિને, કરતી અટ્ટાહાસ
મસ્તક બે લઇ કાલીકા, ગઇ ચંડિની પાસ ॥ ૧૭ ॥

કહ્યૂં કાલિએ ચંડીને, જો તું બે પશુ આધ
યુદ્ધ યજ્ઞે તુ મારજે, શુંભ નિશુંભને સાધ ॥ ૧૮ ॥

ઋષિ કહે છે ॥ સ્રગવિણી છંદ ॥

ચંડને મૂંડને જોઇને ચંડિએ
કાલિકાને કહી વાણિ કલ્યાણિએ
લવિતું ચંડને મૂંડને હાથમા
ચામુંડા નામ તારૂં થશે લોકમા ॥ ૧૯ ॥

॥ દોહરા ॥

લઇ ચંડ મુંડના શીરને, ગઇ ચાંડને ધામ
તે માટે કાલી તણું, થયું ચામુંડા નામ ॥ ૨૦ ॥

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી મહાત્મ્યે ચંડ
મુંડના સારનો સાતમો ॥ ૭ ॥

ઋષિ કહે છે. ॥ દોહરા ॥

શુંભે સાંભળી સૈન્યને, ચંડ મુંડનો નાશ
કોપ પરાધિન ચીત્તથી, અસુર થયો નીરાશ ॥ ૧ ॥
દૈત્યોને શૂંભે કહ્યૂં, સર્વે ધરી આયૂધ
કંબુ સૈન્ય સંગે તમે, કરજો જઈને યુદ્ધ ॥ ૨ ॥
ધોમ્રના શત કૂળ અને, કોટી અસુરના કૂળ
જઈને મારો ચંડિને. કરો યુદ્ધ સંકૂળ ॥ ૩ ॥
કાલકેયને કાલકા, મૌર્યાદી અસૂર
અનંત સેના બળી લઈ, કરજો યુધ છો સૂર ॥ ૪ ॥
શુંભે એમ શાશન કરી, કરવાને સંગ્રામ
અપાર સેના સાથ તે, ગયો ચંડિને ઠામ ॥ ૫ ॥
અસુર સૈન્યને ચંડિએ, આવતું લહી અપાર
પ્રત્યંચાના નાદથી, પુર્યૂં ગગન તેવાર ॥ ૬ ॥
દિર્ઘનાદ સીંહે કરયો, ચંડિએ ઘંટાનાદ
ઘોર સોરને સાંભળી, ટળયો અસૂર પ્રમાદ ॥ ૭ ॥
ઘંટા ચાપને સિંહના, થયા નાદ બહુ ઘોર
થયો સર્વ દીશા વિષે, પ્રતી શબ્દનો સોર ॥ ૮ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

મ્હાકાળિએ કેસરિ સંગ લીધો
ભીમાક્ષિએ ભિષણુ નાદ કીધો

નીનાદને સાંભળિ દૈત્ય સર્વે
કોપ્યા ઘણા તે લહિ કાળિ ગર્વે ॥ ૯ ॥

॥ દોહરા ॥

હે રાજન એ અવસરે, અરિના લેવા પ્રાણ
અમર અને કેસરિ તણું, કરવાને કલ્યાણ ॥ ૧૦ ॥
હરિહર ગુહ વિરંચીને, ઈંદ્ર દેહથી સ્પષ્ટ
શકિત આદ્ભુત થઇ, અરિને કરવા નષ્ટ ॥ ૧૧ ॥
જે દેવનુ જે રૂપ અને, ભૂષણ વાહન વાસ
તદ્વત થઇને શકિતઓ, ગઇ ચંડિની પાસ ॥ ૧૨ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

શક્તિ બ્રહ્મા તણી આવી, હંસયુકત વિમાનમા
નામાભિધાને બ્રહ્માણી પ્રસિદ્ધ થૈ ત્રૈલોકયમા ॥ ૧૩ ॥
વૃષભે બેસીને આવી, માહેશ્વરી યુદ્ધાંગણે
ત્રિશુળ ધારિણી શોભે, ચંદ્રરેખા વિભૂષણે ॥ ૧૪ ॥
મોર વાહિનો કૌમારી, હાથમા ધરી શકિતને
ગુહ રૂપિણી અંબીકા, હણવા આવિ દૈત્યને ॥ ૧૫ ॥
ગરૂડે બેસીને યુદ્ધે, વૈષ્ણવી શકિત સંચરી
સંખ શાર્ઙ્ગગદઃ ચક્ર, ખડગ શસ્ત્રો હસ્તે ધરી ॥ ૧૬ ॥
યજ્ઞ વારાહનૂ મોટૂં, રૂપ છે હરી વિષ્ણુનૂ
શકિત તે રૂપથી આવી, વારાહિ ધરીને તનૂ ॥ ૧૭ ॥

નૃસીંહના વપૂ જેવું, શક્તિએ ધરી રૂપને
નારસીંહી ગઇ યુધ્ધે, હણુવા સુર શત્રુને ॥ ૧૮ ॥
ઇન્દ્રના જેવિ ઇન્દ્રાણી, સહસ્ત્ર નયના સતી
બેસી ઐરાવતે આવી, હાથમાં વજ્ર ધારતી ॥ ૧૯ ॥
ઇષાને સર્વ દેવોની, શક્તિથી વિંટલાઇને
ચંડિકાને કહ્યૂં પ્રીતે, માર તું જઇ દૈત્યને ॥ ૨૦ ॥
એટલે દેવી દેહથી, ભીષણા અતિ નંદિની
પ્રગટી ચંડિકા શકતી, દુષ્ટ દૈત્ય વિમર્દિની ॥ ૨૧ ॥

॥ દોહરો ॥

ધુમ્ર જટીલ ઇષાનને, વદિ ચંડિ કરી હાસ્ય
દૂત થઇને પરવરો, શુંભ નિશુંભની પાસ ॥ ૨૨ ॥
ગર્વિષ્ટ શુંભ નિશુંભ બે, અન્ય દૈત્યની સંગ
યુધ્ધ કરવા ઊભા રહ્યા, આણી ઊર ઊમંગ ॥ ૨૩ ॥
ભગવન જઇ તેને કહો, સમજાવીને વાત
આપ રાજ પાછુ બધું, ઇંદ્ર થાય નીરાંત ॥ ૨૪ ॥
ગૃહણ હવીનુ દેવતા, કરશે પુર્વ પ્રમાણ
પાતાળે જઇને વસો, અસુર કરો પ્રયાણ ॥ ૨૫ ॥
કદિ બળથી વા ગર્વથી, યુધની ઇચ્છા હોય
સંગ્રામે આવો તમે, નહી જીવશો કોય ॥ ૨૬ ॥

તમારા માંસ રૂધિરથી, શિવા શકિતને શદ્ય
તૃપ્ત કરો દૈત્યો તમે, વિલંબ કરો ના અદ્ય ॥ ૨૭ ॥
સદાશીવને મોકલ્યા, કરવા દુતનૂ કામ
તે માટે તે દેવીનુ. શિવ દુતી થયૂં નામ ॥ ૨૮ ॥
શિવના મુખથી સાભળી, દેવીનો ઉપદેશ
અસુર યુદ્ધ કરવા ગયા, અમર્ષ કરી વિશેષ ॥ ૨૯ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

કાત્યાયનીની સનમૂખ સર્વે
ચાલ્યા અસૂરો ગૃહિ શસ્ત્ર ગર્વે
દેવી પ્રતી બાણુની વૃષ્ટિ કીધી
સર્વે દિશા શાસ્ત્રથિ પૂરિ દીધી ॥ ૩૦ ॥
કાત્યાયનીએ કર ચાપ ધારી
વૃષ્ટી સરોની સરથી નિવારી
કાળી શુળેથી અરિને વિદારે
દૈત્યો પ્રતી મૂશળ શક્તિ મારે ॥ ૩૧ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

વારી કમંડળૂં કેરૂં, બ્રહ્માણી દુષ્ટ દૈત્યને
દોડતી છાંટીને તેના, હરે છે બળ વિર્યને ॥ ૩૨
માહેશ્વરિ ત્રિશૂળેથી, વૈષ્ણવી નિજ ચક્રથી
કૈમારિ ઊગ્ર શકતીથી, મારે દૈત્યને કોપથી ॥ ૩૩ ॥

ઇંદ્રાણી વજ્રથી મારે, વારાહી તુંડ દાંતથી
કરે ભક્ષણ ચીરીને, નારસિંહી નખાગ્રથી ॥ ૩૪ ॥
અટાહાસ કરી ઊંચે, નિચે પાડી સુરારિને
સર્વને સામટા ખાધા, શિવ દુતીએ મારિને ॥ ૩૫ ॥
માતૃ ગણે ઘણા ક્રોધે; અસુરને માર્યા રણે
વિવિધ ઉપાયે સર્વે, દેવીઓ દૈત્યને હણે ॥ ૩૬ ॥
માતૃગણથી ત્રાસીને, નાસતા લહી દૈત્યને
રક્તબીજ ગયો યુદ્ધે, ધારી આયુધ વર્મને ॥ ૩૭ ॥

॥ દોહરા ॥

રક્તબીજના દેહથી, રૂધિરનો બીંદુ પાત
કદી થાય ધરણી વિષે, ઉપજે બહુ ઊત્પાત ॥ ૩૮ ॥
પૃથવીમાથી બીંદુનો, પ્રગટે એક અસૂર
રક્તબીજ સરખો દિશે, માયાવી બહુ સૂર ॥ ૩૯ ॥

॥ ભુજંગી છંદ ॥

કરે યુદ્ધ ઇંદ્રાણિ સાથે સુરારી
ધસી રક્તબીજે ગદા તર્ત મારી
હણ્યો દૈત્યને ઐંદ્રિએ વજ્ર ધારે
બહૂ દૈત્ય બીજા થયા રક્ત ધારે ॥ ૪૦ ॥

॥ દોહરા ॥

રક્તબીજનૂ રક્ત ત્યાં પડયું જેટલી વાર
પ્રગટ થયા પ્રાક્રમિ ઘણા, અસુર તેટલીવાર ॥ ૪૧ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

રક્તથી થયલા દૈત્યો, ઊગ્ર શસ્ત્ર પ્રહારથી
માતૃના ગણને મારે કરે યુદ્ધ હુંકારથી ॥ ૪૨ ॥
રકતબીજનુ પછૂં ત્યાં, હણ્યુ મસ્તક વજ્રથી
હજારો પ્રગટ્યા દૈત્યો, પડતા રકત બીંદુથી ॥ ૪૩ ॥
વૈષ્ણવીએ હણ્યો ચક્રે ગદા મારી ઇંદ્રાણિએ
એટલે અસુરો ઝાઝા થયા રક્તથી ધાર્ણીએ ॥ ૪૪ ॥
શક્તિ કૌમારીએ મારી માહેશ્વરીએ શૂળને
વારાહિએ અસી મારી રકતબીજ અસૂરને ॥ ૪૫ ॥
ક્રોધ કરી અતી દૈત્યે, તત્કાળ તે માતૃ પ્રતી
પ્રત્યેકને ગદા મારી, અન્ય શસ્ત્ર મારયાં અતી ॥ ૪૬ ॥
દેવીની શક્તિ શૂળોના, પ્રહારે રકતબીજનૂ
પડયુ શોણીત પૃથ્વીમા, પ્રગટયું દળ દૈત્યનૂ ॥ ૪૭ ॥
દૈત્યના લોહીના ઓઘે, સર્વ વિશ્વવ્યાપી ગયૂં
જોઇને સર્વ સૂરોને, ભય અંતરમા થયૂં ॥ ૪૮ ॥

॥ દોહરા ॥

ચંડીકાએ દેવને, નિર્ખીને ભયભીત
કાલીકાને ઓચરી, સુરનૂ કરવા હીત ॥ ૪૯ ॥
ચામુંડા તૂં વદનનો, કર હમણા વિસ્તાર
શોણીત બીંદુ દૈત્યના, તારા મુખમા ધાર ॥ ૫૦ ॥

પ્રગટ થાય જે યુદ્ધમા, અસુર અન્ય અનંત
ભક્ષ કરીજા સર્વને, એથી આવશે અંત ॥ ૫૧ ॥
એમ વદીને દેવીએ, શત્રુને મારયું શૂળ
રકતબીજની શકતીને, કીધી છેક નિર્મૂળ ॥ ૫૨ ॥
કાલીકાએ મુખ વિષે, ગૃહણ કરયું શોણીત
ચંડીને મારી ગદા, રકત બીજે અમીત ॥ ૫૩ ॥
ચામૂંડાના વદનમા, સમાયું જેટલું રકત
તેટલા અસૂરો થયા, દેવી મુખમા વ્યકત ॥ ૫૪ ॥
ચામૂંડાએ દેત્યનૂ, લિધું રૂધીર અત્ય ।
ભક્ષ કરી ગઈ ક્રોધથી, અરિને આણયો અત ॥ ૫૫ ॥

॥ વસંતતિલકા છંદ ॥

તે દેવિએ ત્રિશુળ બાણ અને અસીથી
વિદારિ રકતબીજને રણમા બળેથી
પાડયો ક્ષિતી તળ વિષે સુરના અરીને
પાયૂં રૂધીર બહુ દૈત્યનુ કાળિકાને ॥ ૫૬ ॥

॥ દોહરો ॥

રકતબીજના મરણથી, થયો અમર ને હર્ષ
રૂધીર મગ્ન માતૃ ગણે, નૃપ કીધો ઊત્કર્ષ ॥ ૫૭ ॥
માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી માહાત્મ્યે
રક્તબીજના સારનો આઠમો ॥ ૮ ॥

॥ રાજા કહે છે ॥ અનુષ્ટુપ છંદ ॥

ઋષિ ચરિત્ર દેવીનૂ, વધાર્થે રક્તબીજના
વિદિત કીધું હે વિદ્વાન્, ચરણુ વન્દુ ચંડિના ॥ ૧ ॥

॥ દોહરા ॥

શુંભ નીશૂભે સાંભળી, રકતબીજનો ઘાત
તે દુષ્ટો એ શું કર્યૂં, વદો વિસ્તારિ વાત ॥ ૨ ॥

॥ ઋષિ કહે છે ॥

રકતબીજને સૈન્યનો, શ્રવણુ કરી વીનાશ
શુંભ નિશુંભ કોપ્યા ઘણું, ચંડિનો કરવા નાશ ॥ ૩ ॥
આગળ પાછળ પાર્શ્વમા, સેના લઈ નીશૂંભ
ગયો દોડતો દૈત્ય તે, પાછળ ચાલ્યો શુંભ ॥ ૪ ॥
દાંત પીસતા હોઠથી, અસુરો કરતા ક્રોધ
શુંભની સાથે સચરયા, યુધ કરવાને યોધ. ॥ ૫ ॥
હણુવા ચંડી દેવને, આયુધ લીધાં હાથ
અસુર યુદ્ધ કરવા ગયા, માતૃ ગણુની સાથ ॥ ૬ ॥

॥ ભુજંગપ્રયાત ॥

કિધી બાણુનીવૃષ્ટિ નીશૂંભ શૂંભે
હણ્યો સીંહને ખડ્ગ મારો નિશૂંભે
ઇશૂ વૃષ્ટિને ચંડિકાએ નિવારી
વિંધ્યા શૂંભ નીશૂંભને શસ્ત્ર મારી ॥ ૭ ॥

અસો ચર્મ ચંદ્રાકૃતો તુલ્ય ભારે
કિધાં દેવિએ છિન્ન ક્ષૂરપ્રધારે
અસૂરે અતી વેગથી શકિત નાખી
મુકી ચક્રને ચંડિએ ભાંગિ નાખી ॥ ૮ ॥
કરી નાદ મોટો નિશૂંભે અમર્ષે
મહાશૂળ મારયૂં ઊગ મી સમર્થે
લહી આવતા શૂળને મુષ્ટિ મારી
કરી ચંડિએ ચુર્ણ નાખ્યૂ વિચારી ॥ ૯ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

ધારી નિશૂંભે કર ગદાન
મારી ઘણાં વેગથિ ચંડિકાને
દેવી થઇ કોપથિ કાળ વ્યકતી
ભાંગો નિશૂંભે થઇ ભસ્મ શકતી ॥ ૧૦ ॥

॥ માલિનિ છંદ ॥

પરશુ કર ધરીને, દૈત્ય નીશૂંભ ચાલ્યો
અતિ અધમ રિપૂને, ચંડિકાએ નિહાળ્યો
ઇશુ થકિ હણિ અંગો, પૃથ્વિ વીષે પછાડયો
અસુર સુર અરીને, અત્રથી મારિ પાડયો ॥ ૧૧ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

પડયો નિશુંભ પૃથ્વીમા, સાંભળી શુંભ કોપથી
હણવાને તે અંબાને, ગયો રથમા વેગથી ॥ ૧૨ ॥

અતુલ આઠ હાથોમા, પરમ આયુધો ધરો
પુરી સર્વ દીશાઓને, મોટો નાદ દૈત્યે કરી ॥ ૧૩ ॥
દૈત્યને આવતો દેખી, વગાડયો શંખ દેવિએ
ધનુષ્ય દોરીના શબ્દે, કંપાવ્યા દૈત્ય ચંડિએ ॥ ૧૪ ॥
ઘંટા નાદે હરી લીધું, તેજ શત્રુ સેના તણૂ
સીંહના નાદથી સર્વૈં, ભય પામ્યા દૈત્યો ઘણૂ ॥ ૧૫ ॥
ગગને જઇ કાલીએ તાળી પાડી બે હાથવી
શિવદુતીએ ત્યાં કર્યું અટ્ટાટ્ટ હાસ્ય મૂખથી ॥ ૧૬ ॥
અમંગળ તે શબ્દોથી, દૈત્યો ત્રાસ પામ્યા ઘણા
ક્રોધી શુંભની આજ્ઞાથી, ગયા સન્મુખે સર્વે જણા ॥ ૧૭ ॥
ઊભો રહે તુ દુષ્ટાત્મા, વદી એમ અંબા યદા
અંબરે દેવતા બોલ્યા, મંગળ વર્ણો સ્વાસ્તદા ॥ ૧૮ ॥

॥ ભુજંગપ્રયાત ॥

મુકી શાકિત શૂંભે જઇ દેવ પાસ
હણી સામિ ઊલ્કા કિધો શઘ્ર હ્રાસ
કિધો કેસરીએ મહા નાદ જયારે
પ્રતીનાદથી વ્યાપ્યું ત્રીલોક ત્યારે ॥ ૧૯ ॥
કિધી બાણની વૃષ્ટિ શૂંભે બળેથી
સરો દેવિએ કાપિ નાખ્યાં સરેથી
અતી દેવિના તિવ્ર બાણો ત્વરાથી
કિધાં નષ્ટ શૂંભે હણી શક્તિએથી ॥ ૨૦ ॥

હણ્યો શૂળથી ચંડિએ તર્ત તેને
પડયો પૃથ્વિમા શૂંભ મુર્છા કરીને
ઊઠયો ચેતના પામિ નીશૂંભ દૈત્ય
લીધાં યુદ્ધ આયુદ્ધ હસ્તે સમસ્ત ॥ ૨૧ ॥
હનૂજેશ્વરે સાથ કે ચંડિકાને
હણ્યાં કેસરીને અને કાળિકાને
દિતાજે બહૂ બાહુમા ચક્ર લીધાં
હણી ચક્રથા ચંદિને ઢાંકિ દીધાં ॥ ૨૨ ॥
બહુ કોપિ દુર્ગા લહી ચક્ર શાખ
મુકયા બાણુ સંકૂલ યુદ્ધે અસંખ્ય
હણી ચક્ર ધારા ઘણા સાયકેથી
કિધો દૈત્યને દુર મારી રણેથી ॥ ૨૩ ॥
લઈ સૈન્ય નીશૂંમ ચાલ્યો ધસીને
ગદા ફેરવી મારિ તે ચંડિકાને
ગદા દેવિએ ખડ્ગથી ભાગિ શીઘ્ર
ગયો દૈત્ય સામો લઇ શૂળ ઊગ્ર ॥ ૨૪ ॥

॥ દોહરા ॥


શૂળ મારીને ચંડિએ, હૃદય વિંધતા વાર
નિશુંભ દૈત્યના હૃદયથી, પુરૂષ નિકલ્યો બ્હાર ॥ ૨૫ ॥
બળિષ્ટ તે પુરૂષે કહ્યૂં, ચંડિ શોમ તૂં અગ્ર
ચંદિએ તે ક્ષણુ વીષે, કાપ્યું મસ્તક શાઘ્ર ॥ ૨૬ ॥

ફાડી ખાધા દૈત્યને, સીંહે હણી અપાર
કાળી ને શીવદુતિએ, કિધા અસુર સંહાર ॥ ૨૭ ॥
કૌમારિએ શકતીથી, મારયા અતી અસૂર
જળ છાંટિ બ્રહ્માણીએ, મારયૂં દૈત્યનુ પૂર ॥ ૨૮ ॥
માહેશ્વરિએ ત્રિશુળથી, અસુર પમાડયા મર્ણ
વારાહિએ તુડે હણી, કિધા દૈત્યને ચુર્ણ ॥ ૨૯ ॥
વૈષ્ણવિએ ચક્ર કરી, અસુરના કિધા ખંડ
વજ્રથી ઇંદ્રાણીએ, મારયા દૈત્ય પ્રચંડ ॥ ૩૦ ॥

॥ શાર્દુલવિક્રિડીત છંદ ॥

જૂદાં અદ્ભુત દેવિના રૂપ ધરી, સર્વેશ્વરી શકતીએ
સેના સંગ નિશૂંભનું બળ હણી, મારયો રણે ચંડિએ
કાલીકા શિવદૂતિ કેસરિ ત્રણે, શોણીત પીધૂં ઘણું
કીધા ભક્ષણ દૈત્યને દુખ હરયૂં ધર્મીષ્ટ દેવોતણું ॥૩૧॥

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી માહાત્મ્યે
નીશુંભના સારનો નવમો ॥ ૯ ॥



ઋષિ કહે છે ॥ દોહરા ॥

પ્રાણ સમાન નિશુંભનૂ, શૂંભે જોઇને મર્ણ
સર્વ સૈન્યનો ક્ષય લહી, શરીર થયૂં વિવર્ણ ॥ ૧ ॥
દુર્ગાને શંભે કહ્યૂં, મિથ્યા ના કર ગર્વ
યુદ્ધ વિષે આ દેવિઓ, સહાય કરે છે સર્વ ॥ ૨ ॥

॥ દેવી કહે છે ઇંદ્રવજ્રા છંદ. ॥

આ વિશ્વમ હું છઊં એક શક્તા
બીજી બધાં છે મમ રૂપ વ્યક્તો
હે દુષ્ટ જો તું મુજ દેહ વીષે
દેવી સ્વરૂપો વિભુતી પ્રવેશે ॥ ૩ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

બ્રહ્માણી આદી દેવીઓ, પ્રવેશી દેવી દેહમા
એકલી રહી અંબીકા, શત્રુ શુંભના યુદ્ધમા ॥ ૪ ॥

॥ દેવી કહે છે ॥ દોહરો ॥

વિભુતી મારી મુજ વિષે, સમાઇ જો તું અસૂર
યુધ કરની એકલી છઊ, ભય મૂકી થા શૂર ॥ ૫ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

પ્રવર્ત્યું યુદ્ધ ત્યાં મોટૂ, દેવીને શુંભ દૈત્યનૂ
જુવે છે દેવતા દૈત્યો, પ્રાક્રમે બળ બાહુનૂ ॥ ૬ ॥

॥ ભુજંગપ્રયાત ॥

મુકયાં અંબિકાએ ઘણા દિવ્ય અસ્ત્રો
કિધ નાશ દૈત્યે મુકી તિવ્ર શસ્ત્રો
અસુરે ત્વરાથી બિજા શસ્ત્ર મારયાં
બધાં અંબિકાએ હુંકારે નિવારયાં ॥ ૭ ॥

અસુરે અતી શસ્ત્રની વૃષ્ટિ કીધી
બહુ બાણુથી દેવિને ઢાંકિ દીધી
મુકો દેવિએ શઘ શસ્ત્રો અમાપ
હણ્યે દૈત્યને ઈશુથી ભાગ્યું ચાપ ॥ ૮ ॥

અસૂરે બિજી હાથમા શક્તિ લીધી
મુકી દેવિએ ચક્ર વિછછિન્ન કીધી
લિધૂ હાથમા શત્રુએ ખડ્ગ ભારી
કિધૂ ચંડિએ ભિન્ન ત્રીશૂળ મારી ॥ ૯ ॥

ઘણા ચંડિએ બાણુ મારી અરીને
હણ્યા અશ્વ મોટા અને સારથીને
ગયો મુદગરે મારવા અંબિકાને
કિધૂ છિન્ન તેને મુકી સાયકોને ॥ ૧૦ ॥

॥ આર્યા ॥

હૃદય વિષે દેવીના, મુષ્ઠિ અસૂરે બહુ બળે મારી
ચંડીએ પણ તેને, થાપટ મારી હૃદે વિષે ભારી ॥ ૧૧ ॥

॥ દોહરા ॥

દેવીની થાપટ થકી, પડયો પૃથ્વિમા દૈત્ય
મુર્છા ટળતાં તરત તે, ઊઠયો આયુધ સહીત ॥ ૧૨ ॥

॥ ભુજંગપ્રયાત ॥

ગૃહી દેવિને દૈત્ય ઊડયો અકાશે
નિરાધાર ત્યાં દેવિને દૈત્ય ભાસે
કિધૂ દેવિએ યુદ્ધ મોટૂ દિવીમા
લહી યુદ્ધને સિદ્ધ આશ્ચર્ય પામ્યા ॥ ૧૩ ॥
કરી યુદ્ધ ત્યાં દેવિએ દૈત્ય સાથે
ગૃહ્યો ચંડિએ દુષ્ટનો કંઠ હાથે
ઘણો ફેરવી શઘ ફેંકયો ધરાએ
તથપી ફરીને ઊઠયો તે ત્વરાએ ॥ ૧૪ ॥
કિધો ક્રોધ સંજ્ઞા પરીપુર્ણ પામી
ગયો મારવા દૈત્ય મુષ્ટી ઊગામી
લહી દેવિએ મારવા શિઘ્ર ધારયું.
અતી ક્રોધથી શૂંભને શૂળ. મારયૂં ॥ ૧૫ ॥

॥ દોહરા ॥

મારયું શુળ છાતી વિષે દેવીએ તે વાર
શુળાગ્રથી વિંધ્યો ઘણો, વક્ષદેશ નિરધાર ॥ ૧૬

અસુર અવનીમા પડયો, અયાં નીકળી પ્રાણ
સંહારયા દૈત્યો બધા, દેવિએ મારિ બાણ ॥ ૧૭ ॥


॥ અનુષ્ટુપ છંદ ॥

મર્ણ પામી ને પડતાં, શઠ શુંભના ભારથી
ચલ્યાં સમુદ્રને ક્ષીતી, હલ્યા પર્વત સ્થાનથી ॥૧૮॥
દુરાત્મા દૈત્ય તે મર્ણે, સ્વસ્થ જગની થઇ
નભ નિર્મળતા પામ્યૂં, નદી નિજ માર્ગે વહી ॥ ૧૯ ॥

। શાર્દુલવિક્રિડીત છંદ ॥

હર્ખ્યાં દેવ અશોક નિર્ભર મને, તે શૂંભના નાશથી
ગાએ રાગ લલીત સંગિત ક્રમે, ગંધર્વ આનંદથી
નાચી સૂંદર અપ્સરા નભ વિષે, સુગંધ વાયૂ વહ્યા
આકાશે થઈ સુપ્રભા રવિ તણી, તેજાગ્નિ અગ્ની થયા ॥ ૨૦ ॥

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી મહાત્મ્યે
શુંભના મારનો દસમો ॥ ૧૦ ॥



ઋષિ કહે છે ॥ દોહરા ॥

દેવીએ સંગ્રામમા, મારયો શુંભ અસૂર
ઇન્દ્રાદી દેવો બધા, પ્રસન્ન થયા અંત ઊર ॥ ૧ ॥
દશે દિશાને તેજથી પ્રકાશ કરતા સર્વ
કાત્યાયનિ પાસે ગયા. અમર તજીને ગર્વ ॥ ૨ ॥
સ્તુતિ કરવાને દેવિની, ઊભા જોડી હાથ
અંબને વંદન કર્યું ઊભતાનાં સુર સાથ ॥ ૩ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

હે દેવિ આએ જગતે પ્રસન્ન
પ્રસન્ન થએ છએ પ્રસન્ન
વિશ્વેશ્વરી વિશ્વનિ છે વિધાત્રી
વિશ્વમાં દૈવાન તૂ નિકુન્ત્રા ॥ ૪ ॥

॥ વસંતતિલકા છંદ ॥

આધારભૂત જિત કેવ તું વિશ્વની છે
ક્ષીતી તણા સ્વરૂપથી સ્થિર તેં કરી છે
દેવી સદા સ્થિતિ કરી રહિ વારિ રૂપે
પ્રાણી તણૂ જીવન છે તું અલંઘ્ય વિર્યે ॥ ૫ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

તૂં વૈષ્ણવી શક્તિ અનંત વીર્યા
છે વિશ્વ બીજાત્મક મોટિ માયા

છે મોહકારી સઉ જીવને તું
દેવી કૃપાછે તવ મુક્તિ હેતૂ ॥ ૬ ॥

સમસ્ત વિદ્યા તણુ રૂપ તૂં છે
સ્વરૂપ સ્ત્રીઓ તણુ દેવિ તું છે
હે અંબ વ્યાપી રહિ સર્વધારી
દેવી સ્તુતી શૂં કરએ તમારી ॥ ૭ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

સર્વ ભુતેશ્વરી દેવી, સ્વર્ગ મુકિત પ્રદાયિની
થજો પ્રસન્ન સ્તોત્રથા, રક્ષિણી શૃષ્ટિ સત્વની ॥ ૮ ॥

॥ ગીતિ ॥

સવે જનના હૃદયે, દેવિ તું બુદ્ધિ રૂપે રહી નીતે
નારાયણિ દેવીને, વંદન સર્વે સુરોનુ છે પ્રીતે ॥ ૯ ॥
કળા કાષ્ટાદિ રૂપે, ફળ આપે છે શિવે પરીણામે
વિશ્વની ઊપરત શકતી, નારાયણિને પ્રણામ છે પ્રેમે ॥૧૦॥

॥ દોહરા ॥

મંગળમાં મંગળ તમે, શરણદાઈની નીત
નારાયણિ દેવિ હમે, નમીએ ઇચ્છિ હીત ॥ ૧૧ ॥
ત્રિલોચિની ગૌરી શિવે, અર્થ સાધે તું સર્વ
નમસ્કાર નારાયણી, કરીએ મુકી ગર્વ ॥ ૧૨ ॥

॥ શાર્દુલ વિક્રિડીત છંદ ॥

શૃષ્ટી સ્થીતિ વિનશ શકિત ભુત છો હે દેવિ વિશ્વેશ્વરી
સંસારે તું સનાતની ગુણમયી, ગુણે રહ્યા આશરી
તું શર્ણાંગત દીનનૂ દુખ હરે, નારાયણી આદ્ય છે
મોહ્યૂં વિશ્વ સમસ્ત શકિત બધાથી દેવી નમસ્કાર છે ॥૧૩॥

॥ દોહરો ॥

ધરયૂં વસ્ત્ર કૈ શાંબનૂ, હંસ યુકત છે યાન
બ્રહ્માણી નારાયણી, કરી ૫ તારૂં ધ્યાન ॥ ૧૪ ॥

॥ ગીતિ ॥

ત્રિશુળ સર્પ ઈન્દુને ધારા વાહન મહોક્ષનૂ કીધૂ
નમસ્કાર છે દેવી, મહેશ્વરિનૂ સ્વરૂપ તે લીધુ ॥૧૫॥

॥ અનુષ્ટુપ છંદ. ॥

મોરકુક્કુટવાળી તું, કૌમારી રૂપ ધારિ છે
નારાયણી મહા શકતી, નમસ્કાર વિશેષ છે ॥૧૬॥

॥ ગીતિ ॥

પરમાયુધ તેં લીધાં, શાર્ઙ્ગ સંખને ગદા ચક્ર ભારે
નારાયણિને નમિએ, વૈષ્ણવી રુપે વિરાટને ધારે ॥ ૧૭ ॥
મોટુ ચક્ર તેં ધારો, ધરી ધરણિને વસૂંધરે દાંતે
નારાયણિ ઉદ્ધારયા, વરાહરૂપીણી વિબૂધને માતે ॥ ૧૮ ॥

દૈત્યોને હણવાને, નૃસીંહ સ્વરૂપે કૃતે ઘમે દેવી
ત્રિલોકનિ રક્ષા કિધી, નારાયણિને સુરો નમે સેવી ॥ ૧૯ ॥
મહાવજ્રા તેં હસ્તે, લીધૂ અન્દ્ર મુકુટને ધારી
નારાયણિને નમિએ, વૃત્રપ્રાણન સત્વર તૂં હારી ॥ ૨૦ ॥
શિવદૂતીના રૂપે, કરૂણ યુદ્ધે હણ્યા ઘણા દૈત્યો
ઘોર રૂપ મહારાવી, નમિએ નારાયણી હમે દેવો ॥ ૨૧ ॥
દંષ્ટ્રા કરાલવદની, મસ્તકમાળા વિભૂષણા દેવી
મુંડમથનિ ચામુંડ, નમિએ નારાયણી તને સેવી ॥ ૨૨ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

લક્ષ્મી લજ્જા ધ્રુવા વિદ્યા, શ્રદ્ધા પુષ્ટિ સ્વધા તમે
દેવી નારાયણી અંબ, કરજોડી સુરો નમે ॥ ૨૩ ॥
મેધા સરસ્વતી દેવી, વરાભુતી મહદ્યુતે
થાઓ પ્રસન્ન હે માતા, નારાયણી નમોસ્તુ તે ॥ ૨૪ ॥

॥ ઈંદ્રવજ્રા છંદ ॥

સર્વ સ્વરૂપે રહિ સર્વ શક્તી
દેવી નિયન્ત્રી તવ સર્વ વ્યક્તી
દુર્ગે ઊગારો હમને ભયેથી
દેવો કરે વંદન વીનયેથી ॥ ૨૫ ॥

॥ ગીતિ ।

સુપોત ત્રણ લોચનથી, વદન અતિ સુંદર પ્રકાશિ છે તારૂં
ત્રીદશ નમિએ દેવી, કાત્યાયનિતેં કશ્મળ નીવારયૂં ॥ ૨૬ ॥
સર્વ અસુરને હણુવા, ત્રિશૂળ તારૂં કરાળ જવાળાનૂ
હમારી રક્ષા કરજો, કરિએ વંદન ભદ્રકાળી માનૂ ॥ ૨૭ ॥
દૈત્ય તેજને હરવા, ઘંટા નાદે વિરાટને પૂરે
હમારી રક્ષા કરજો દુષ્ટથિ દેવી સુપુત્રની પેરે ॥ ૨૮ ॥
અસુર શોણિત વસાથી, ચરચીત થયું છે ખડ્ગ કરે ભારે
તે સુભ કરજો દેવી, નમિએ નારાયણી તું ઊધ્ધારે ॥ ૨૯ ॥

॥ વસંતતિલકા છંદ ॥

તુષ્ટા તું દેવી દુંખ રોગ અશેષ ટાળે
ક્રોધે અભિષ્ટ સુખ ભોગ સમસ્ત બાળે
દેવી તમારૂં જન જે નિત શર્ણું લે છે
પામે ન વીપત કદી સુખભાગિ તે છે ॥ ૩૦॥

॥ ગીતી ॥

આત્મ મુર્તીને બહુધા, દેવિ કરી તેં અનેક રૂપેથી
ધર્મ દ્વેષિ દૈત્યોને, અંબ હણ્યા તેં અધીક ક્રોધેથી ॥ ૩૧ ॥

॥ અનુષ્ટુપ ॥

વિધ્યા શાસ્ત્ર વિષે દેવી વિવેકરૂપિ દીપમા
તું વિણુ કોણુ છે અન્યા, વેદાદી આદિ વાક્યમા ॥ ૩૨ ॥

મમત્વ ગર્તમા દેવી, અને મહાંધકારમા
દિશે ભ્રમાવતી જાણે, વિશ્વને અતિ વેગમા ॥ ૩૩ ॥

॥ શાર્દુલવિક્રિડીત છંદ ॥

મોટા રાક્ષસ ઊગ્ર વીષ અહિને શત્રૂ તણા સ્થાનમા
દસ્યૂ દુષ્ટ તણા બહૂ ભય વિષે, દાવાનળે અબ્ધિમા
જ્યાં ત્યાં રક્ષણ વિશ્વનૂ તું કરજે, દેવી રહી સર્વમા
માયા મોહ મમત્વથી જીવ બધા, મોહી રહ્યા વિશ્વમા ॥૩૪॥

॥ ઇંદ્રવજરા છંદ ॥

હે દેવી વિશ્વેશ્વરિ વિશ્વને તું
વીશ્વંભરી પાળ કૃપા કરી તૂં
વીશ્વાત્મિકા ધારણ વિશ્વને તૂં
નિત્યે કરે છે ભુવનેશ્વરી તૂં ॥ ૩૫ ॥
વિશ્વાશ્રયી જે જીવ ભકિત તારી
ભાવે કરે છે નિજ શ્રેયકારી
હે દેવિ વિશ્વંભરિ વિશ્વમાતે
પામે સુભાગી ગતિ દિવ્ય અંતે ॥ ૩૬ ॥

॥ શાર્દુલવિક્રિડીત છંદ. ॥

દેવી જેમ અસૂરનો વધ કરી, રક્ષા કરી આ સમે
કૃપાથી ત્યમ પાળજે ભય થકી, ભીતાર્ત છેએ હમે

થાએ દુઃખ ઉપદ્રવો જગતમા, ઉત્પાત પાકે વળી
સર્વ શિઘ્ર નિવારજે તવ ગતી, દેવી ન જાયે કળી ॥૩૭॥

॥ શિખિરિણી છંદ ॥

જનો જે શ્રદ્ધાર્થી, પ્રણીપત કરે નિશ્ચળ મને
થજે તું તેઓને પ્રસન્ન અતિ દેવી મૃદુ મને
ત્રિલોકે છે પૂજ્ય ભયહુરિણિ થાજે તું વરદા
હમારી તે દેવા, નિરત દુરિ સ્વસ્તી કર શદા ॥ ૩૮ ॥

દેવી કહે છે ॥ ઇંદ્રિવજ્રાછંદ ॥

સુરો સદા હું વરદાઇની છું
પ્રસન્ન સ્તુતિ થાક હું થઇ છું
વીબુધ માગો વરદાન એવું
જે હોય વિશ્વ ઉપકાર જેવું ॥ ૩૯ ॥

॥ દેવો કહે છે ॥

ત્રલોક્ય બાધા અખિલેશ્વરી તું
નીવારજે હે ભૂવનેશ્વરી તું
વીનાશ દેવી કરજે અરીનો
ઊત્કર્ષ આંમા કરજે સુરોનો ॥ ૪૦ ॥

દેવી કહે છે ॥ કવીત (મનહર છંદ) ॥

અઠાવિશ યુગાન્તરે, વૈવસ્વત મનવન્તરે
શુંભને નિશુંભ દૈત્ય, પ્રગટશે તે સમે

નંદ ગોપના શદ્મમા, યશોમતીના ગર્ભમા
કન્યા થૈ અવતરીશ, જાણો નિશ્ચય તમે ॥ ૪૧ ॥
હણીશ બે અસુરને ઊતારીશ ભુભારને
વિંધ્યાચળ નિવાસી હું, કહ્યા સુર સારમે
વળી પાછી પૃથ્વી ળે, રૌદ્રરૂપે બહુ બળે
પ્રચીતાન દાનવોને, મારીશ હું તે સમે ॥ ૪૨ ॥

ગીતિ.

અસુર પ્રચિત્તાનોને, ભક્ષણ કરવા થકી દાંત મારા
દાડિમના ફુલ જેવા, રંગે રાતા થશે બધા સારા ॥ ૪૩ ॥

॥ ઇંદ્રવજરા છંદ ॥

સ્વર્ગે સુરા માનવ મર્ત્ય લોકે
ઋષિ મુનિઓ મમ ભક્તિ યોગે
સ્તૂતી કરે છે કહિ રક્ત દંતી
હે કાલિકે દાનવ દુષ્ટ હન્ત્રી ॥ ૪૪ ॥

॥ ભુજંગપ્રયાત ॥

પછી એકશો વર્ષ પુરાં ધરાએ
અનાવૃષ્ટિ થાશે નહી અન્ન થાએ
મુનીની સ્તુતીથી થઇ દેવ તુષ્ટા
થશે હૂં અજન્માની વિશ્વે પ્રતિષ્ટા ॥ ૪૫ ॥

॥ દોહરા ॥

અયોનિજા હું તો છઊં અમર નથી મુજ જન્મ
તદપી આવિશ અવનિએ તમને છઊં પ્રસન્ન ॥ ૪૬ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

શતનેત્ર મુનીઓને નિર્ખીશ શત નેત્રથી
મનુષ્યો હું શતાક્ષીની, કરશે સ્તુતિ સ્તોત્રથી ॥ ૪૭ ॥

॥ દોહરા ॥

મારી દેહથી જે જીવો, પ્રગટ થઈ પ્રમાણ
શાક પત્ર ભક્ષણ કરી, ધારે છે નિજ પ્રાણ ॥ ૪૮ ॥
વૃષ્ટિ યોગથી અખિલતે, લોક તણુ લહી હીત
કરીશ પોષણ દેવતા, આત્મભાવથી નીત ॥ ૪૯ ॥
મારૂ નામ શાકંભરી, સુર થશે પ્રસીદ્ધ
કિરતન કરશે અવનિમા, ઋષી મુનીને સીદ્ધ ॥ ૫૦ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

હે દેવો હું મહાદેવી, મારીશ દુર્ગ દૈત્યને
દુર્ગા દેવી વદીલોકો, પુજશે સર્વદા મને ॥ ૫૧ ॥

॥ વસંતતિલકા છંદ ॥

દેવો ભયંકર ધરો રૂપ હીમવાને
મારીશ હૂં મૃધ કરી બહુ રાક્ષસોને
રક્ષા કરીશ મુનિની દુખટાળિ જ્યારે
થાશે બધા મુનિગણો અતિનમ્ર ત્યારે ॥ ૫૨ ॥

॥ દોહરા ॥

ભ્રામરિ દેવી જગતમા, પડશે મારૂ નામ
કરશે તે મુનિના ગણે, સ્તવન કરી પ્રણામ ॥ ૫૩ ॥
જ્યારે આ ત્રૈલોક્યને, અરૂણ નામનો દૈત્ય
બાધા કરશે બળ કરી, કરશે બહુ વીપરીત ॥ ૫૪ ॥
ત્યારે હું ભ્રામરતણું, ષટ પદ રૂપ ધરીશ
હિત કરવા ત્રૈલોક્યનૂ, અસુરને હું મારીશ ॥ ૫૫ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

તે કાળથી ભ્રામરિ દેવિનામ
મારૂં થશે નિશ્ચળ સર્વ ઠામ
આ લોક મા પૂજન મૂજ થાશે
દેવો તમારૂં દુખ સર્વ જાશે ॥ ૫૬ ॥

॥ વસંતતિલકા વૃત ॥

દેવો થશે અસુરથી અતિકષ્ટ જ્યારે
સ્વેચ્છા થકી હું અવતાર ધરોશ ત્યારે
મારીશ દુષ્ટઅરિને છળીં આધમાયા
જૂવો બધા અસુર આક્ષિતિમા સમાયા ॥ ૫૭

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી માહાત્મ્યે
નારાયણીની સ્તુતીના સારનો અગીઆરમો ॥૧૧॥



દેવી કહે છે ॥ ઇંદ્રિવજ્રાછંદ ॥

જે કોઇ મારાં સ્તવનો સ્તુતીથી
એકાગ્રચિત્તે ભણુશે વિધીથી
દેવો બધાં આ ભવમા વિધીના
હૂં દુઃખ નીવારિશ તે જનોના ॥ ૧ ॥

॥ દોહરા ॥

મધુકેટભના નસને, મહિષાસુરનો ઘાત
શુંભ નીશુંભના વધતણી, ભણુશે વાત વિખ્યાત ॥૨॥
આઠમ નોમનિ તીથિએ, વળિ ચૌદશને દીન
ઉત્તમ મારા મ્હાત્મ્યનૂ વૃતાંત આ સમિચીન ॥૩॥
એક ચીત્તથી ભક્તિએ. સાંભળશે જે નીત
સંકટ તેને નહિ નડે, નહિ થાશે વિપરીત ॥ ૪ ॥
દારિદ્રય ન આવે કદી, ઇષ્ટ વિયોગ ન થાય
શત્રુ ચોર રાજા તણો, ભય તેને ઝટ જાય ॥ ૫ ॥
શસ્ત્ર અનળ ને જળ થકી, ભય ઊપજે નહિ લેસ
માટે મારા મ્હાત્મ્યનૂ, પઠન કરવું વિશેષ ॥ ૬ ॥
સાંભળવૂં શ્રદ્ધા થકી, પરમ મ્હાત્મ્ય પવીત્ર
નિશ્ચય છે મુજ ભક્તને, કલ્યાણકારિ નીત ॥ ૭ ॥
ઊપસર્ગો મહામારિના, તથા ત્રિવિધ ઊત્પાત

મહાત્મ્યના પ્રતાપથી, થશે સર્વ તે શાંત ॥ ૮ ॥
પઠન થાય છે નિત્ય જયાં, મહાત્મ્ય મુજ મંદીર
સાનિધ્ય છઊં હું તે સ્થળે, પ્રસન થઈશ અચીર ॥ ૯ ॥
બળિપ્રદાન પૂજા અને, યજ્ઞ કાર્યમા નિત્ય
મહોત્સવે ભણુવું વળી, શાંભળવું કરી પ્રીત ॥ ૧૦ ॥
અજાણુતા વા જાણિને, પુજા હોમ બળિદાન
કરશે તે પ્રીતે કરી, ગૃહુણુ કરીશ નિધાન ॥ ૧૧ ॥

॥ શાર્દુલ વિક્રિડીત છંદ ॥

મારૂ મોટુ મહાત્મ્ય સાંભળિ સદા, ભક્તી થકી જે જન
શ્રદ્ધાથી શરદે સમસ્ત કરશે, વાર્ષીક આ પુજન
થાશે તે ધન ધ્યાન્ય પુત્રથિ સુખી, મારા પ્રસાદે કરી
બાધા ટાળિશ તે મનુષ્યનિ બધી, દેવો હું વિશ્વેશ્વરી ॥ ૧૨ ॥

દોહરા.

મારી ઊત્પત્તી અને મહાત્મ્યનો મહિમાય
અમોઘ મુજ પ્રાક્રમ બાનૂ, યુદ્ધ વિષે વખણાય ॥ ૧૩ ॥
મનુષ્ય જે શ્રદ્ધા થકી, સાંભળશે ચરીત્ર
નિશ્ચય તે નિર્ભય થશે, થશે સર્વદા હીત ॥ ૧૪ ॥
મહાત્મ્ય સાંભળનારના, ફળ વીષે પ્રમાણુ
થશે નાશ શત્રૂ તણો, પ્રાપ્ત થશે કલ્યાણુ ॥ ૧૫ ॥

જ્યારે નિદ્રાને વિષે, સ્વપ્ના આવે નેષ્ઠ
વિધી પુર્વક શાંતીના, પુણ્ય કર્મમા શ્રેષ્ઠ ॥ ૧૬ ॥

ગ્રેથ ગ્રહ પિડા વીષે, મહાત્મ્યનો મહિમાય
શાંભળતાં શ્રદ્ધા થકી, ફરી બાધા ન થાય ॥ ૧૭ ॥

શાંતીકારક બાળને, બાળ ગ્રહે પિડીત
મૈત્રિકારક મનુષ્યને, સંઘાત ભેદે નીત ॥ ૧૮ ॥

અશેષ દુર્વૃત્તો તણા, બળનો કરશે નાશ
રક્ષ ભુત પીશાચનો, થશે પાઠથી હ્રાસ ॥ ૧૯ ॥

॥ શાર્દુલવિક્રિડીત છંદ. ॥

હે દેવો મમ સન્નિધી કર અતી, માહાત્મ્ય આ છે સદા
પુષ્પાદીપ શુધૂપ ગંધ દિપથી, પૂજા વિધી સર્વદા
અગ્ની હોમ કરી પવિત્ર રહિને, રાત્રી અને દીવશે
વિપ્રોને ધનધાન્ય ભોજન રૂડું, શ્રદ્ધા થકી આપશે ॥ ૨૦ ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

વાર્ષીક વીધી કરશે પ્રિતીથી
દાનાદિ ધર્મો કરશે વિધીથી
માહાત્મ્ય મારૂં ભણુશે પવીત્ર
ભક્તી થકી શાંભળશે ચરીત્ર ॥ ૨૧ ॥

પાપો જશે શાંભળવાથિ સર્વે
આરોગ્ય રેશે તન તેનુ ધર્મે
ભૂતો થકી રક્ષણુ નીત થાશે
માહાત્મ્ય આજે જન મૂજ ગાશે ॥ ૨૨ ॥

॥ દોહરા ॥

દુષ્ટ દૈત્યને યુદ્ધમા, હણુવાનૂ ચરીત્ર
સાભળનાર મનુષ્યને ભય ના થાય કવચીત ॥૨૩॥
હે સૂરો મારી સ્તુતી, તમે કરીછે જેમ
બ્રહ્મઋષીઓએ કરી, બ્રહ્માએ પણ તેમ ॥૨૪॥
એ સ્તૂતીનો પાઠ જે, કરશે આણીભાવ
શૂભ મતી તે પામશે, વધશે બુદ્ધિ પ્રભાવ ॥૨૫॥
દવાગ્ની અરણ્યમા, ચોર થકી આવૃત્ત
સૂન્યસ્થાનમા શત્રૂથી, થયે હોય પરિવૃત્ત ॥૨૬॥
ક્રૂરવ્યાઘ્ર સીહો અને વનહસ્તી ને વન
ભયથી કંપિત હૃદયનો, ઘેરાયલો જે જન ॥૨૭॥
રાજાના ક્રોધેકરી થયલો શિક્ષા યોગ્ય
વધ કરવાકે બંધને, થયો હોય જો યોગ ॥૨૮॥
અર્ણવમાંનૌકા વિષે, બેશીને જાનાર
ડુબતો હોય સીંધુવિષે, વાયુ થકી તેવાર ॥૨૯॥

અતીદારૂણુ સંગ્રામમા જ્યારે ભેદેશસ્ત્ર
સર્વે ઘોર દુખને સમે, કષ્ટ વીષે સમસ્ત ॥ ૩૦॥
પવિત્ર મારા ચરિતનૂ સમરણુ કરતાંવાર
મનુષ્યના સંકટ બધાં, થશે તત નિસ્તાર ॥૩૧॥

॥ અનુષ્ટુપ છંદ ॥

મરાચરિત્રના ભાવે, શત્રુ ચોર સિંહો સદા
દુરથકી જશે નાશી, આવે ના સમિપે કદા ॥૩૨॥

॥ ઋષિ કહે છે ॥

॥ શાર્દુલવિક્રિડીત છંદ ॥

ચંડી ચંડ પરાક્રમી ભગવતી, એવૂં વદી દેવને,
અંતર્ધ્યાન થઇ સમગ્ર સુરના, જોતાં ગઇ ભૂવને
નિર્યો નાશ સમસ્ત દૈત્ય કુળનો, સતુષ્ટ દેવો થયા
આનંદે અધિકાર પુર્વવત તે, પામી દિવીએ ગયા ॥ ૩૩ ॥

॥ ભુજંગપ્રયાત ॥

અરી દેવના શૂંભ નીશૂંભ બેને
હણ્યા દેવિએ યુદ્ધમા શધ્ય તેને
બિજા દુષ્ટ દૈત્યો લહી જ્ઞાતિ નાશ
ગયા સર્વ પાતાળમા થૈ નિરાશ ॥ ૩૪ ॥

॥ શાર્દુલવિક્રિડીત છંદ ॥

હે પૃથ્વીપતિ અંબિકા ભગવતી, ઉત્પન્ન થૈને સદા
વારંવાર કરેછ પાલન અતી, આ વિશ્વનૂ સર્વદા
માયા દેવિ પ્રભાવથી જગત છે, નીમગ્ન સંમોહથી
ત્રીગૂણાત્મક વિશ્વ આ વિધિ બળે, સ્રાજય છે દેવિથી ॥ ૩૫ ॥


॥ દોહરા ॥

યાચનાથી દેવીએ, આપે છે વિજ્ઞાન
આપે છે પૂજન થકો, રિદ્ધિ સિદ્ધી સંધાન ॥ ૩૬ ॥
દેવી આ બ્રહ્માંડમા, વ્યાપિ રહી રાજન
અંબાના આધારથી, અધર રહ્યું ભુવન ॥ ૩૭ ॥
મહાકાળિકા દેવિએ, મહાકાળિનૂ રૂપ
મહા મારી સ્વરૂપથી, વ્યાપિ રહી છે ભૂપ ॥ ૩૮ ॥
દેવીએ સૃષ્ટી રૂપે, કાળક્રમેથી થાય
દેવિ તેજ કાળે કરી, મહા મારિ વર્તાય ॥ ૩૯ ॥
દેવી એજ સનાતની, કાળને અનૂસાર
સર્વે ભુત પ્રાણી તણી, સ્થિતી કરે છે સાર ॥ ૪૦ ॥
મનુષ્યને પ્રારબ્ધના, ઉદયકાળમા યોગ્ય
ઘરમા લક્ષ્મિ વૃદ્ધિનો, દેવિ કરે છે યોગ ॥ ૪૧ ॥
હતભાગ્યના ઘર વીષે, વિપરિત ત્યાં વર્તાય
સુખ સંપત લક્ષ્મી તણો, વિનાશ નિશ્ચય થાય ॥ ૪૨ ॥

વસંતતિલકા વૃત.

ગંધાદિ ચુર્ણ ધુપ દીપ અને કુસુમે
સ્તૂતી પુજા કરવિ દેવિનિ સુદ્ધ પ્રેમે
અંબા પ્રસન્ન થઈને જનને ઉચીત
દે છે સુધર્મ ધન પુત્ર કળત્ર નીત ॥ ૪૩ ॥

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી માહાત્મ્યે
ભગવતી વાકયના સારનો બારમો ॥૧૨॥



ઋષિ કહે છે

હરિગીત છંદ

શ્રેષ્ઠ માહાત્મ્ય મંગળદેવીનું, કહ્યૂં ભુપ મેં આ તને
નિજ પ્રભાવથી ધારણ દેવી, નિત કરે છે વિશ્વને ॥ ૧ ॥
વિષ્ણુની મોટી માયાથી, મોહ્યા છે મુની જનો
વૈશ્ય તને ને આ નૃપને છે, મોહ માયા પાસનો ॥ ૨ ॥
મોહિત જગ આ મોહ કરે છે, વળિ મોહને પામશે
તમે શરણ લો તે દેવીનૂ, સઘળું સંકટ ટાળશે ॥ ૩ ॥
જે જન આરાધન દેવીનૂ, કરે છે નિજ ભાવથી
જગતે વૈભવ પામી અંતે, તરે છે સંસારથી ॥ ૪ ॥

માર્કંડ ઋષિ કહે છે.

દોહરા

સુરથે વાણી શાંભળી, મેધા મુનીની સાર
ચરણ ગૃહી વંદન કરયૂં, નૃપતીએ તે વાર ॥ ૫ ॥
તપ કરવાને નરપતી, ગયો મૂકી મમત્વ
વૈશ્ય શઇય સાથે ગયો ધ્રેવા જ્ઞાનનુ તત્વ ॥ ૬ ॥

॥ ગરબો ॥

સુરથ ભુપને વૈશ્ય, દિક્ષા લઇને જો
બેઠા નદિને તીર, તપ કરવાને જો ॥ ૭ ॥

પામવાને દર્શણ, અંબા માનૂ જો
પાર્થિવ કિધું રૂપ, મ્હામાયાનૂ જો ॥ ૮ ॥
ધ્યાન પરાયણ વૈશ્ય, નિર્જનવનમા જો
અંબામાનો મંત્ર, જપતો મનમા જો ॥ ૯ ॥
આસન વળિ પ્રાણ, સુરથે રૂંધ્યા જો
બીજમંત્રના જાપ, અંતર કીધા જો ॥ ૧૦ ॥
ભુપતીને તે વૈશ્ય, રહી અપવાસી જો
ધરે દેવીનુ ધ્યાન, થઇ અભિલાષી જો ॥ ૧૧ ॥
અગ્નિહોમને દાન, પૂજન વીધી જો
અર્પી ધુપને પુષ્પ, પૂજા કીધી જો ॥ ૧૨ ॥
નિજ શરીરનું માંસ બળીમા દીધૂં જો
એ રીતે ત્રણ વર્ષ, મ્હાવ્રત કીધૂં જો ॥ ૧૩ ॥
અંબા થયાં પ્રસન્ન, સમાધિ નૃપને જો
દર્શણ દિધું શધ, સેવક જનને જો ॥ ૧૪ ॥

॥ દેવી કહે છે ॥

॥ ઇંદ્રવજ્રા છંદ ॥

દેવી વદી હું થઇ છૂં પ્રસન્ન
છો વૈશ્ય તૂંને ભુપભક્ત ધન્ય

ઇચ્છા પ્રમાણે વરદાન માગો
મારા પ્રશાદે તમ દુઃખ ભાંગો ॥ ૧૫ ॥

॥ માર્કંડ ઋષિ કહે છે ॥

॥ ગરબો ॥

દેવી થયાં પ્રસન્ન, સુરથ વૈશ્યનેરે લોલ
અંબાએ કરી હાસ્ય, કહ્યું ભકતનેરે લોલ ॥ ૧૬ ॥
માગો સુરથ વૈશ્ય, વરદાનનેરે લોલ
મન તણી પૂરીશ, હુંતો આસનેર લોલ ॥ ૧૭ ॥
રાજા જોડી હાથ, વધ્યો માતનેરે લોલ
આપો પાછૂં રાજ, માતાજી મનેરે લોલ ॥ ૧૮ ॥
વૈશ્યે વિચારી વાત, માગ્યું જ્ઞાનનેરે લોલ
અંબા મારી માત, તારો રંકનેરે લોલ ॥ ૧૯ ॥

॥ દેવી કહે છે ॥

કલ્યાણિ વાણિ સ્પષ્ટ, વદ્યાં ભુપનેરે લોલ
અલ્પ દીનમા અવશ્ય, હણશો શત્રુનેરે લોલ ॥ ૨૦ ॥
પાછું મળશે રાજ, નરપતી તનેરે લોલ
ભોગવીને ભોગ, મર્ણ પામશેરે લોલ ॥ ૨૧ ॥
પામિસ પાછો જન્મ, સુરજ દેવથીરે લોલ

થશે તું સાવર્ણીક, મનૂ નામથીરે લોલ ॥ ૨૨ ॥
વરદાન આપુ વૈશ્ય, તને જ્ઞાનનૂરે લોલ
પામસ પુરણ જ્ઞાન, પરીબ્રહ્મનૂરે લોલ ॥ ૨૩ ॥

॥ માર્કંડ ઋષિ કહે છે ॥

॥ ગરબો ॥

મારકંડે વદી છે, વાણુસારમારે લોલ
એ સર્વેશ્વરી છે, સદા સર્વમારે લોલ ॥ માર્કંડ ॥
બ્રહ્મા મોહ્યા છે, માયા મોહથીરે લોલ
માયાએ મુકાવ્યા, મધૂ દૈત્યથીરે લોલ ॥ માર્કંડ ॥
મોહસમર્દિનીએ, મારી મહીષનેરે લોલ
ઇદ્રને બેસાડયો, પાછો આસનેરે લોલ ॥ માર્કંડ ॥
નષ્ટ ભ્રષ્ટ કિધાં છે, દળ દૈત્યનારે લોલ
કષ્ટ નષ્ટ કિધાં, છે, બધાં દેવનારે લોલ ॥ માર્કંડ ॥
સુરથ વૈશ્યે સેવી, દેવીને વનેરે લોલ
વ્રત કીધાં લીધાં, વરદાનનેરે લોલ ॥ માર્કંડ ॥
વરદાન દઈને, તે વિશ્વેશ્વરીરે લોલ
અગોચર થયાં તે, અખીલેશ્વરીરે લોલ ॥ માર્કંડ ॥
સમાધીએ સમાધી, કીધી યોગથીરે લોલ
વિરકતજ્ઞાની મુકત, થયો જ્ઞાનથીરે લોલ ॥ માર્કંડ ।

સુરથ સવીતાથી, સાવર્ણીમનૂરે લોલ
પ્રગટશે થશે તે, પ્રભાવીતનૂરે લોલ ॥ માર્કંડ ॥
સુરથ સુર્યથી થશે, સાવર્ણીમનૂરે લોલ
એમ સમાપ્તિ માતે, ભણવો પાઠનેરે લોલ॥ માર્કંડ॥

માર્કંડ પુરાણે સાવર્ણીક મન્વંતરે દેવી માહત્મ્યે સુરથ
વેસ્યને વર પ્રદાનના સારનો તેરમો ॥ ૧૩ ॥



આરતી.

જય દેવી દુર્ગે, સ્વર્ગે સુરવન્દે (૨)
વ્યાપી તું ત્રીસર્ગે, (૨) વર્ગે વિશ્વ વન્દે ॥જય૦॥૧॥
અંબ સમષ્ટી શક્તી, વ્યક્તી, બ્રહ્માંડે (૨)
મહા માયા વ્યનક્તી, (૨) ઉક્તો નિગમ કાંડે ॥જય૦॥૨॥
પરીબ્રહ્મની પ્રકુતી, વિકુતી ને પામે (૨)
વિશ્વેશ્વરીની આકૃતી, (૨) વ્યાકૃતીને નામે ॥જય૦॥૩॥
વૈષ્ણુવિનું કલ્યાણી, બ્રહ્માણી વિજયા (૨)
ચાંમુંડા રૂદ્રાણી, (૨) ઈંદ્રાણી ઉમયા ॥જય૦॥૪॥
શિવ વિષ્ણુ વિધીની, નીધી નવ ભ્રાજે (૨)
અંબ ઉપાસન વિધી, (૨) કીધી ઋષીરાજે ॥જય૦॥૫॥
ઓંકારાદી છે ક્રીમ, હ્રીં હ્રીં બીજ મન્ત્રે (૨)
હુકારે હું હું કલીમ, (૨) કલીમ દેવી તંત્રે ॥જય૦॥૬॥
દેવી નિરાલંબે, સ્તંબે, અવંલંબે (૨)
રક્ષ રક્ષ હે રંબે, (૨) અબે જગદંબે ॥જય૦॥૭॥
જગદંબાની આરતી, વ્યાહુતીના અર્થ (૨)
અખીલ ભાવની ભારતી, (૨) આરતી પરમાર્થે ॥જય૦॥૮॥

॥ શાર્દુલવિક્રીડીત છંદ ॥

આદિ એક અનાદિ શક્તિ સબળા, આસ્તંભ પર્યન્તની
નીધી છે નવ વીધિની નિરમળી, સંખ્યા ઋષિ સાતની
વેદો ચાર વરેણ્ય વિશ્વ વિભુના, મંત્રો સુર્નાઓ ભણે
સંજ્ઞા વીક્રમ વીરના વરસની, જોશી ગણીતે ગણે ॥૧॥

॥ અનુષ્ટુપ છંદ ॥

માઘે વસંત ઋતુમા, વસંતે પંચમી ગણો
ભ્રગુવારે મિન ચંદ્રે, યોગ છે રેવતી તણો ॥ ૧ ॥

॥ દોહરા ॥

ઊત્તમ અંબા નામ છે, એધાનો વિશ્રામ
દર્શણુ ઇચ્છે દેવીનૂ, રામ નામ નરમામ ॥ ૧ ॥
વાલમીક કાયસ્થની, જ્ઞાતિ ગૌરવમાન
અબાના અનુદાસને, નથી માન અપમાન ॥ ૨ ॥

માલિની છંદ.

જય જય કર જગ્તે, જગ્ત અંબા ઈશાની
જય કર વિજયા તું, વિશ્વ વંદ્યા મૃડાની
ભવ ભવ ભવસીંધૂ, તારિણી તું ભવાની
શિવ શિવ કર કાળી, શૈલજા બાળા શિવાની ॥ ૧ ॥

મહાદેવિની સ્તુતિ.

મંદાક્રાન્તા છંદ.

ભીમા ઊમા, સુર ગણુ ભજે, સર્વદા ગુણુ ગાયે,
માતા દાતા, અસુર દળવા, સર્વથા સ્હાય થાયે;
સૂખી દુઃખી, અખીલ જગમાં, માનવો માત છાંયે,
શક્તી ભક્તો મનથી કરતા, વંદતા સવ પાયે ॥ ૧ ॥

દેવી સેવી, સકળ સુજનો, શ્રેયને તે સુધારે
તુષ્ટી પુષ્ટી જગત જનની, પૂણ્ય પંથે વધારે;
ભૃષ્ટો દૃષ્ટો ભયભીત થતા, વેરીને એ વીદારે
પાપે કાપે, વચન વળતાં, શીશ નામી ઉચારે ॥ ૨ ॥

રોળ્યા રોળ્ય, અસુર ગણુને, દૈત્યને દંડ દીધો
ખોળ્યા ખોળ્યા રૂધિર હદમાં કાળી તેં કેર કીધો
વાર્યા હાર્યા સબળ સુરથી, માર્ગ ના એક સીધો
માર્યા તાર્યા, જગ જનની તેં દુષ્ટનો અંત લીધો ॥ ૩ ॥

માની જાણી, મહીષમરદી, ચંડને મુંડ માર્યા,
હાની માણી, સમર મહિમા, શુંભ નીશુંભ હાર્યા;
ટાળી બાળી, અકળ બળથી, સુરના કાર્ય સાર્યા,
બાળી કાળી! વિપત સુરને ત્રાસથી તેં ઉગાર્યા ॥ ૪ ॥

ગાને માને, ભવ ભય છુટે, શાંભવી શાંતીદા છે,
શાને માને, સુજન વસવું, માત એ મુકતીદા છે;
ત્યારે સારે, ગુણ ગ્રહીયજો, સર્વદા મોક્ષદા છે,
જ્હારે કયારે, નીજ જન ભુલે, પીડતો ના કદા છે, ॥ ૫ ॥
વાટે ઘાટે, વીકટ વનમાં, ભક્તને ના ઉથાપે,
માટે શ્રેષ્ટે ભજવિ ગિરિજા, ગોરિને કષ્ટ કાપે
નંદા વંદ્યા, સ્મરણુ કરતાં, પાપ સંતાપ ટાળે,
મંદા કાન્તા, મુદિત થઇને, વાંચજો સર્વ કાળે; ॥ ૬ ॥

॥ દિર્ઘનારાચ છંદ. ॥

સરસ્વતી નમૂ નમૂ, ભવબ્ધી મા ભુલો ભમૂ
હું મૂઢ હીન નીર્ગમૂ, નિવાર દુઃખને નમૂ ॥ ૧ ॥
ઋષી મુનીજનો નમે, સનાતની તું દેવિને
જપી વરિષ્ટ મંત્રને, કૃતાર્થ થાય સેવિને ॥ ૨ ॥
ત્રિલોકની તું ઇશ્વરી ઇષાનિ છે અગોચરી
પ્રપન્નને ક્ષમા કરી, દયા કરો મહેશ્વરી ॥ ૩ ॥
તું ભક્ત ભાતિહારિણી, વિશુદ્ધ બુદ્ધિ કારિણી
ભવે ભવાનિ તારિણી, દરીદ્ર દુઃખ હારણી ॥ ૪ ॥
તું સર્વ વિશ્વધારિણી, શિવે તું વિશ્વકારિણી
જયા તું દુષ્ટ ઘર્ષિણી, સનાતની સુરક્ષિણી ॥ ૫ ॥

અસુર ચંડ મુંડને, હણ્યા વળી પ્રચંડને
નમૂ નમૂ તું દેવિને, ઉતાર પાર ભક્તને ॥ ૬ ॥
વિરાટની તું આદિને, ભવે ભવે ભવાનિને
ઉમા શિવા ઈશનિને, પ્રણામ છે તું દેવિને ॥ ૭ ॥
ત્રિગુણ તત્વ અંબિકા, કરાળિ રક્ત દંતિકા
કુમારિ કાળિ કાળિકા, નમૂ નમૂ હું ચંડિકા ॥ ૮ ॥

॥ અનુષ્ટુપ છંદ ॥

જગન્માતા ક્ષમા માગૂં, ક્ષમા શોભે તું અંબિકે
શુદ્ધ સત્વ સ્વરૂપે છે, શક્તિ સર્વની ચંડિકે ॥ ૧ ॥
આ દ્રશ્ય જગત સર્વ, મૃત્યુ તુલ્ય તારા વિના
સર્વ સંપત્તિરૂપી તું, કરો દેવો સંભાવના ॥ ૨ ॥
કૈલાસે પાર્વતી લક્ષ્મી, મહાલક્ષ્મી વૈકૂંઠની
સ્વર્ગમા સુરની લક્ષ્મી, વિશ્વેશ્વરી તું વીશ્વની ॥ ૩ ॥
રાજ વિજયે રાજાની, સુબુદ્ધી સ્વરૂપે વળી
પુજ્યા લક્ષ્મી મનુષ્યે તુ ન જાય કળના કળી ॥૪॥
મહામાયા મહા દેવી, મહા લક્ષ્મી મહેશ્વરી
શંખ ચક્ર ગદા હસ્તે, રહ્યાં શોભી સર્વેશ્વરી ॥ ૫ ॥
આદિ શક્તી મહાશક્તી, દુષ્ટોને તું ભયંકરી
સીદ્ધી બુદ્ધી પ્રદા અંબે, વરદે તું વિશ્વેશ્વરી ॥ ૬ ॥

સર્વ દુઃખ હરા દેવી, સર્વ પાપ હરા શિવે
નમુ નારાયણી દેવી, દેવી રક્ષ તું વિપ્લવે ॥ ૭ ॥
જગદઅંબે નમૂ અંબે, નિરાલંબ બ્રહ્માંડમા
આધાર ભુત તું દેવો, વદે છે વેદ કાંડમા ॥ ૮ ॥

॥ સગધરા છંદ ॥

ભાલે ઇંદુ વિરાજે, ત્રિભુવન ધરયું તેં દક્ષિણે સુર્ય દીસે
કંઠે નક્ષત્રમાળા, ધરિ વિકટ જટા, તેજ બીંબે પ્રકાશે
દેખી તું ભીષણાંના, ભિષણુ વદનને, કંપ થાયે કરાળી
શ્યામાંગી રક્તદંતી, પરિહર ભયને ભદ્રદ ભદ્રકાળી ॥ ૧ ॥
હે ભીમા કોટ રાક્ષી, અતિ મલિનમુખી, લંબવીમુક્ત કેશી
દેવી સંહાર કાળે, અખિલ જગતને જાએ તત્કાળ ગ્રાસી
ધારીને હાથમા તેં, અનળ સમ વળી, દંડ વિકાળ કાળે
સંહાર્યા દૈત્ય સર્વે, પરિહર ભય તું ભદ્રદા ભદ્રકાળી ॥ ૨ ॥
હે હે હૂં હૂં કરીને, રૂધિર અસુરનૂ, ઉષ્ણુ દેવી પિયે છે
હા હા હા હાય હાસ્યે, ત્રિભુવન તળને, ઘોરનાદે પુરે છે
હૂં હૂં હૂંકાર શબ્દે, વસુમતિ પ્રચળે, રક્ષ કાળી કૃપાળી
ચામૂંડા ચંદ્ર ઘંટા, નમુ નમુ ચરણે, ભદ્રદા ભદ્રકાળી ॥ ૩ ॥

॥ શાર્દુલ વિક્રિડીત છંદ ॥

સિદ્ધીદા વરદા તું અંબ અજીતા, સર્વેશ્વરી શાંકરી
કાળીકા વિજયાજયા ભગવતી, વિશ્વેશ્વરી શ્રીધરી

ચંડી ચંડ પ્રચંડ મૂંડ મથિની, આચૂધ યુદ્ધે ધરી
મારી દુષ્ટ અસુર સુર અરિને, આસૂરિ માયા હરી ॥ ૧ ॥
જાણુના તવ મંત્ર યંત્ર કળના, જાણુ ન સ્તુતી કથા
ના જાણુજપ ધ્યાન જ્ઞાન જનની; મુદ્રા ન જાણુ યથા
શ્રદ્ધા હીન મલીન મંદ મતિથી, શર્ણે ન આવ્યો યદી
માતા તોપણુ પુત્રને નહિ તજે કૂપુત્ર હોયે કદી ॥ ૨ ॥
દેવી તૂં સવિતા હુતાશન રુપે, સર્વે કળા ઈંદુની
વાયૂ આપ ધરાવરા તું અચળા, આકાશ વિદ્યોતિની
વિદ્યા બુદ્ધી મતિ ગતી તુ વિજયા, કાળી કળા માલિની
ચીદાત્મા રુપ સર્વમા રહિ શિવે, માતા તું આવિશ્વની ॥ ૩ ॥
માતંગી મૃગવહિની મધુમતી, મૈરેય હસ્તે ધરે
કાળીકા કર કાળ દંડ ધરિને, સંહાર કાળે કરે
ચામૂંડા ધાર મૂંડ માળ હણુતી, સેના ઘણી આસુરી
કૌમારી મુકુટેશ્વરી તું લલિતે રક્ષો શિવે સૂંદરી ॥ ૪ ॥
અંબીકા અખિલેશ્વરી જગતમા, વ્યાપી રહ્યાં સર્વદા
કાળીકા ઉમિઆ સતી ગુણુવતી, ગાઉં ગુણો સર્વથા
ચંડાકા ભુવનેસ્વરી ભગવતી, દુર્ગા દયાળી તમે.
ઇતી આ વિકરાળ કાળ ગતિની, નીવારજો આ સમે ॥૫॥

૧. ગરબો સાખીને

પ્રોતે નમાએ અંબીકામાત, અમે સદા, માતને નમીએ
તમે દૈત્યનો કીધો નીપાત, અમે સદા, માતને નમીએ.

સાખી

વારાહી વરદાયીની, વીશ્વ વીષે વીખ્યાત,
શીવા શાંભવી શકતી તૂં, સાચી સર્વેશ્વરી સાક્ષાત અમે.

આદ્ય શકતી અંબા તમે, અસુરનો આણ્યો અંત,
સાવીત્રીને સીદ્ધીદા, સૌ સેવે સુરોને સંત, અમે.

તારા તુગજા ત્રીપુરા, ત્રીશુળ ધારીણી માત,
ભવાની ભુવનેશ્વરી, ભદ્રકાળી નામે પ્રખ્યાત. અમે.

મહાકાળી માહેશ્વરી, મહામાયા કહેવાય,
મહીમા મોટો માતનો, મહાલક્ષ્મીને લાગું પાય. અમે.

દુર્ગાદેવી દયાળી તૂં, દીધો દુષ્ટને દંડ.
પાર્વતી પરમેશ્વરી, માર્યા પાપી ચંડને મુંડ. અમે.

કાળી કરાળી કાળીકા, કાળરાત્રી કહેવાય
વીષ્ણુ માયા વીજયા વળી, વીબુધ વર્ગ વીષે વખણાય અમે.

ગાઉં ગુણ ગીરીજા તણા, ગૌરીનામું શીશ.
રૌદ્ર મુખી રૂદ્રાણીને, દેવ પ્રણમે છે દીનનેનીશ અમે.

(૨) ॥ ગરબી ॥

અંબા વધાં તે, સુરથ વૈશ્યનેરે લોલ
અંબિકા અંબિકા, ને ચંડીકારે લોલ ॥ અંબા ૧ ॥

આ સંસારના તે, સમાહારમારે લોલ
હું વિશ્વેશ્વરી તે, વ્યાપિ વિશ્વમારે લોલ ॥ અંબા ૨ ॥

મારી માયા છે, મોટા માનનીરે લોલ
આ સૃષ્ટિ સમષ્ટી, વ્યષ્ટી શકિતનીરે લોલ ॥ અંબા ૩ ॥

આ બ્રહ્માંડમા તે, માયા બ્રહ્મનીરે લોલ
દીશું દિવ્ય સ્વરૂપે, દેવી દેવનીરે લોલ ॥ અંબા ૪ ॥

હું પ્રકૃતી પ્રભાવે, છઊંત્રીવિધારે લોલ
મારિ માયામા તે, સમાયા બધારે લોલ ॥ અંબા ૫ ॥

મોહ્યા મોહ્યા છે, મુની દેવતારે લોલ
મારા પારને તે, નથી પામતારે લોલ ॥ અંબા ૬ ॥

હું પરમેશ્વરી તે, પ્રસન્ન છઊં અતીરે લોલ
વર માગો માગો, તમે મહિપતીરે લોલ ॥ અંબા ૭ ॥

વરદાન દઇને તે, પુરોશ આસનેરે લોલ
સુરથને સમાધી, તજો ત્યાગનેરે લોલ ॥ અંબા ૮ ॥

મહિપતિ બોલ્યો તે, માતાનીપ્રતીરે લોલ
અંબા અલબેલી, બાળા છોગતીરે લોલ ॥ અંબા ૯ ॥

વિનવી માગું છું, મારી માતનેરે લોલ
અંબા આપોની, પાછું રાજનેરે લોલ ॥ અંબા ૧૦ ॥
ભૂવનેશ્વરી તે, બોલ્યાં ભુપનેરે લોલ
હણિશ રાજ્યથી તું, તારા શત્રુનેરે લોલ ॥અંબા ૧૧॥
રાજાધિરાજ, રાજ પછું પામસેરે લોલ
સુખ સંપત્તિ મા તે, સમય કાડશેરે લોલ ॥અંબા ૧૨॥
નિધન નરપતી તું, પછી પામશેરે લોલ
વિવસ્વાનથી તે, પાછો જન્મશેરે લોલ ॥અંબા ૧૩॥
શૃષ્ટિમા કે'વાશે, સાવર્ણી મનૂરે લોલ
તારૂં ભુપ છે અનૂપ, પ્રબળ ભાગ્યનૂરે લોલ ॥અંબા ૧૪॥
(પછી) વૈશ્યને વખાણી, અંબા ઓચરયાંરે લોલ
આધિવ્યાધિ સમાધી, તારાં મેં હર્યાંરે લોલ ॥અંબા ૧૫॥
વરદાનનુ પ્રદાન, આપું આ સમેરે લોલ
ધન ધાન સનમાન, માગો મન ગમેરે લોલ ॥અંબા ૧૬॥
કહ્યું વૈશ્યે વંદિને, ચંડિ ચર્ણનેરે લોલ
જગ જનનિ નીવારો, જન્મ મર્ણનેરે લોલ ॥ અંબા ૧૭॥
માગું માગું માતા, મતી જ્ઞાનનીરે લોલ
ઇચ્છા મનમા નથી, મારે માનનીરે લોલ ॥અંબા ૧૮॥
દેવિએ દીધી તે, દિક્ષા જ્ઞાનનીરે લોલ
ત્રિપુટિની દેખાડી, રીતી ધ્યાનનીરે લોલ ॥અંબા ૧૯॥

વધા ભુપને સમાધી, વિધી સાર છે રે લોલ
તું નારાયણીને, નમસ્કાર છેરે લોલ ॥અંબા ૨૦॥
અસ્તુ અસ્તુ વદતાં, માતા હર્ષમારે લોલ
ત્યાં અંબા સમાયાં માયા બીંબ મારે લોલ ॥અંબા ૨૧॥
વન્દુ વન્દુ હેરંબ, માતા અંબનેરે લોલ
વૃષભ રાશ રચું તે, રૂડા છંદ ને રે લોલ ॥ અંબા ૨૨ ॥

---

(૩) સાખીનો ગરબો.

ચંડિ ચંડિકાના, વન્દી ચણુનેરે લોલ
ગિરિ નાંદની ને વન્દી વન્દીનેરે લોલ ॥ ચાંડ ॥ ૧

॥ સાખી ॥

ચંડિના ચંડિપાઠમાં મંગળ નામ ચરિત્ર
વર્ણવે વિસ્તારથી, માર્કંડ મુનિ પવિત્ર
ગરબે ગાવાને ગૌરિ નામનીરે લોલ
રચના રચૂં તે રૂડા છંદનીરે લોલ ॥ ચાંડ ॥ ૨

॥ સાખી ॥

મધુ કૈટભ બળિઆ ઘણા, પ્રગટ થયા બે ભાઇ
પ્રજા પતીને મારવા, મૂરખ આવ્યા ધાઇ
અંબા અંબિકાને અખીલેશ્વરીરે લોલ,
પાર્વતી ભવાનીભુવનેશ્વરીરે લોલ ॥ ચંડિ ॥ ૩

॥ સાખી ॥

પ્રબોધ કીધા વિષ્ણુને, અંબાએ તે વાર
હણ્યા હરિએ દૈત્યને, માયા મગન અપાર
વૈષ્ણુવી વરાહી વજ્રધારીણી રે લોલ
શંખોની ઈશાની શુળ ધારીણીરે લોલ ॥ ચંડિ ॥ ૪

સાખી

ચિક્ષુર ચામર દૈત્યને અસુરના સામંત
સર્વેશ્વરીએ સર્વને, મારી આણ્યો અંત
કાળ રાત્રિ કરાળી કાળિ કાળિકારે લોલ
ભદ્રકાળિ કૌમારી મહા કાળકારે લોલ ॥ ચંડિ ॥ ૫

સાખી

મહિષમર્દિનિએ યૂધ કરી, મારયો મહિષાસુર
દેવીને દેવો નમી, ગયા સ્વર્ગમા સૂર :
અંબિકાના નામ અભીરામ છે રે લોલ
નવરાતમા તે ગરબે ગાય છે રે લોલ ॥ ચંડિ ॥ ૬

---

૪ ગરબો

હું પરમેશ્વરીને પ્રણમી ઘણુ રે લોલ
નામ ને વીધાન માતાના ભણુરે લોલ ॥ પરમે ॥ ૧

સાખી

દેવીએ સઉ દેવના, દુખ ટાળ્યાં દુર્ઘોર
અમરાપુરી ઉદ્ધારવા, અસુર કરયા સંહાર
દેવી મહા દેવી ધર્મ ચારીણીરે લોલ
ચામુંડા મૃડાની ચંડિ ચક્રીણીરે લોલ ॥ પરમે ॥ ૨

સાખી

શુંભ નિશુંભ સંસારમા, ઉત્પન થયા અસૂર
દેવોને દુર્મદ દમે, દુષ્ટ દૈત્ય નિષ્ઠુર
શાંભવિ સર્વાણી સર્વ મંગળારે લોલ
જયંતીકા જયા અજીતાબળારે લોલ ॥પરમે ૩॥

॥ સાખી ॥

સર્વેશ્વરિને તે સમે, શરણુ ગયા સઉ સૂર
શિઘ્ર તું શુળ ધારીણી, કર સંહાર અસૂર.
શાકંભરી શિવા ઉમા ઇશ્વરં ર લોલ
શંખિની સરસ્વતીને શ્રી ધરી રે લોલ ॥ પરમે ॥ ૪

સાખી

માર્યા શુંભ નિશુંભને, શાંભવિ એ તે વાર
ઈંદ્રાદી અમરો તણો, કિધો તર્ત ઉદ્ધાર
દુર્ગા દંડીનીને રક્ત દંતીકારે લોલ
અપરાજીતાને પાપનાશીકારે લોલ ॥ પરમે ॥

સાખી.

શ્રેષ્ઠસુર સુરેસ્વરે, સ્તુતી શ્રુતી પ્રમાણ.
ભુવનમા ભણી ભાવથી, ભવાનિકર જોત્રાણ.
અંબા અંબિકાને બાળા મહા બળારે લોલ
આપો ભક્તિનિમતી માતા મંગળારે લોલ ॥ પરમે ॥

---

(૫) સાખીનો ગરબો.

ચંડિ રૂપને જોઇ પ્રચંડ, સ્તુતી છંદે, કરી સુરવંદે
પરહાને વધાવ્યાં પુષ્પ, દિવીત્રાસી, ઊલ્લાસિવૃંદે ॥સ્તુતીછંદે ॥૧
મહેશ્વરિને મુહુર્તમા, ઉપન્યો ક્રોધ અપાર
દુર્નિરિક્ષ્ય દુર્ગાતણું, તર્ત તેજ વધ્યું તે વાર ।.સ્તુતી છંદે ॥૨
ભયાનક ભૈરવી થઈ, ભૂજા ભવ્ય હજાર
દિવ્યાનન ત્રિમી થકી, રૂપ દીશે છે બિંભાકારા॥સ્તુતીછંદે ॥૩
અટ્ટ હાસ હૂંકારથી, ગર્જ્યું ગગન ઘનઘોર
ત્રિભુવનમા વર્તી રહ્યો, પ્રતિધ્વનિને ઉઠયો સોર સ્તુતી છંદે ॥૫
પ્રલયાનળ પ્રગટ્યો તને, વર્ત્યું રૂપ ત્રિકાળ
રક્ત નેત્રથી નીકળે, ઊર્ધ્વ અગ્નિની ઝાઝી ઝાળ ॥સ્તુતી છંદે॥ ૬
ગરજન ઘોર મુખથિ કરે ક્રૂર કેસરી ધીર
લોલ જીભથી ચાટતો, અસુરોનૂ ઊનૂ રૂધીર ॥ સ્તુતી છંદે ॥ ૭

અમોઘ યુધ આચૂધનો, ભાસ પડે ચોપાસ
પાન પાત્ર હાથે ધરયૂં, માતા મિત કરે છે હાસ્ય ।।સ્તુતીછંદ૭।
અનુપ મુર્ત અંબા તણી, અંબરમા દેખાય
વહન કળાની કલ્પના, ઇન્દ્રદેવ થકી ના થાય ।।સ્તુતીછંદ૮।।

॥ દેવી કહે છે ॥

મુરખ નિરખ તવ સૈન્યનો, મર્ણ માર્ગ વિપરીત
પાન કરૂં હું ત્યાં સુધી, ગર્જ ગર્જ તું દુર્મદ દૈત્ય, ।।સ્તુતીછંદ૯।

ૐ शांतिः शांतिः शांति ।

समाप्त



૬૦	૩	ચન્દ્ર	ચાન્દ્રી
૬૩	૬	દેવ	દેવી
૬૩	૬	તે	તેં
૬૩	૧૨	ની રજે	નીવારજો
૬૪	૧	ગભમા	ગર્ભમા
૬૫	૭	લહ	લહી
૭૦	૨	શાંવિન	શાંતિના
૭૦	૧૦	પુષ્પાદીપ	પુષ્પાદીક
૭૦	૧૦	સુંદુપ	સુગંધ
૭૦	૧૦	ગંધ	ધુપ
૭૨	૪	વત	વર્ત
૭૬	૧૨	રતે	રીતે
૭૬	૧૨	નહાવ્રત	મહાવ્રત
૭૮	૫	માહસમદીને	મહિસમર્દીની
૮૧	૧૪	શૌલ્ય	શૌલ્ય
૮૨	૭	ભૃષ્ટા	ભ્રષ્ટા
૮૨	૭	ષ્ટા	ધૃષ્ટા
૮૨	૮	પાપે	પાપો
૮૫	૮	ભદ્રદ	ભદ્રદા
૮૫	૧૪	હાગ	હાદ
૮૬	૮	રાયૂ	વાયૂ
૮૬	૧૧	મૃગવહિની	મૃગવાહિની
૮૬	૧૩	ધાર	ધરિ
૯૦	૮	નાંદની	નંદિની
૯૩	૭	ગજ્યું	ગર્જ્યું
૯૩	૯	વત્યું	વર્ત્યું

આ ગ્રંથ મળવાનાં ઠેકાણાં.

(૧) મહારાજ ગણપતિશંકર વિજયાશંકર
ઠે. અંબાજિ મંદિર, સુરત.

(૨) માસ્તર કુન્દનલાલ આદિત્યરામ પુરોહિત
ઠે. અંબાજીરોડ-સુરત.

એ સિવાય શહેરના જાણીતા બુકસેલરો, તથા અમ.રા
એજંટો પાસેથી મળી શકશે.